મૂળ સહિત ...

લખનાર.

કલ્યાણજી રણછોડજી વ્યાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર,

ચકુરવાજે;--અમદાવાદ.

પ્રથમ વખત સાથે આવૃત્તિ પ્રત ૧૨૦૦.

[સર્વે હક સ્વાધીન]

અમદાવાદ.

પથ્થર કૂવે, અમદાવાદ યુનાઇટેડ પ્રિંટિંગ અને જનરલ એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં, રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૫૯. ઈ. સ. ૧૯૦૩.

કિંમત ૦—૮—૦

॥ श्री ॥

वृद्धचाणक्यनीतिः ।

श्रीगणेशायनमः

प्रणम्यशिरसाविष्णुं त्रैलोक्याधिपतिंप्रभुम् ॥
नानाशास्त्रोद्धृतंवक्ष्येराजनीतिसमुच्चयम् ॥ १ ॥

ત્રણે લોકોનુ પાલન કરવાવાળા, સર્વ શક્તિમાન્ વિષ્ણુને મસ્તકથી પ્રણામ કરીને, અનેક શાસ્ત્રોમાંથી શોધીને રાજનીતિ સમુચ્ચય નામનો ગ્રંથ કહુછું. ૧

अधीत्येदंयथाशास्त्रं नरोजानातिसत्तमः ॥
धर्मोपदेशविख्यातं कार्याकार्यंशुभाशुभम् ॥ २ ॥

જે કોઇ મનુષ્ય આ શાસ્ત્રને ભણીને-વાંચીને, ધર્મશાસ્ત્રમા પ્રસિદ્ધ શુભાશુભ કાર્યને જાણે છે, તેની ઉત્તમ પુરૂષમાં ગણના છે. ૨

तदहंसंप्रवक्ष्यामि लोकानांहितकाम्यया ॥
यस्यविज्ञानमात्रेण सर्वज्ञत्वंप्रपद्यते ॥ ३ ॥

હું લોકોનાં કલ્યાણાર્થે આ કહુછું, કારણ કે જેનાં જ્ઞાનદ્વારા સર્વજ્ઞતાની પ્રાપ્તિ થાય છે. ૩

मूर्खशिष्योपदेशेन दुष्टस्त्रीभरणेनच ॥
दुःखितैःसंप्रयोगेण पंडितोप्यवसीदति ॥ ४ ॥

બુદ્ધિહીન શિષ્યને ભણાવવાથી, દુષ્ટ સ્ત્રીનાં પોષણથી અને દુઃખીઆઓની સાથે વ્યવહાર કરવાથી પંડિત પણ દુઃખ પામે છે. ૪

दुष्टाभार्याशठंमित्रं भृत्यश्चोत्तरदायकः ॥
ससर्पेचगृहेवासो मृत्युरेवनसंशयः ॥ ५ ॥

દુષ્ટ સ્ત્રી, શઠ મિત્ર, સામો પ્રત્યુત્તર આ.
ઘરમાં સાપ રહેતો હોય, તે ઘર નિઃસંદેહ મૃત્યુ સ્વરૂપજ છે. ૫

आपदर्थेधनंरक्षेद्दारान्रक्षेद्धनैरपि ॥
आत्मानंसततंरक्षेद्दारैरपिधनैरपि ॥ ६ ॥

આપત્તિનાં નિવારણાર્થે દ્રવ્યને બચાવવું જોઇએ. દ્રવ્યથી સ્ત્રીનું સંરક્ષણ કરવું જોઇએ અને સ્ત્રી તથા ધન કરતાં પણ સતત પોતાનું સંરક્ષણ કરવું એ ઉચિત છે ૬

आपदर्थेधनंरक्षेच्छ्रीमतांकुतआपदः ॥
कदाचिच्चलितालक्ष्मीः संचितापिविनश्यति ॥ ७ ॥

વિપત્તિ દૂર કરવાને માટે ધનનું રક્ષણ કરવું એ ઉચિત્ છે. શ્રીમાનને આપતિ આવેજ ક્યાંથી ? હા ! દૈવયોગે કદાચિત્ લક્ષ્મી પણ ચાલી જાય છે, તે સમય સંચિત લક્ષ્મી પણ નષ્ટ થઇ જાય છે. ૭

यस्मिन्देशेनसंमानो नवृत्तिर्नचबांधवाः ॥
नचविद्यागमोऽप्यस्ति वासस्तत्रनकारयेत् ॥ ८ ॥

જે દેશમાં સન્માન નથી, જીવિકા નથી, બન્ધુ નથી અને વિદ્યાનો પણ લાભ નથી, ત્યાં વાસ કરવાજ યોગ્ય નથી. ૮

धनिकःश्रोत्रियोराजा नदीवैद्यस्तुपंचमः ॥
पंचयत्रनविद्यंते नतत्रदिवसंवसेत् ॥ ९ ॥

દ્રવ્યવાન્, વેદને જાણવાવાળો બ્રાહ્મણ, રાજા, નદી અને પાંચમો વૈદ્ય એ પાંચ જ્યાં ન હોય, ત્યાં એક દિવસ પણ રહેવું સારૂં નથી. ૯

लोकयात्राभयंलज्जा दाक्षिण्यंत्यागशीलता ॥
पंचयत्रनविद्यंते नकुर्यात्तत्रसंगतिम् ॥ १० ॥

જીવિકા, ભય, લજ્જા, કુશળતા અને દેવાની પ્રકૃતિ એ પાંચ જ્યાં નથી, ત્યાંના લોકોની સંગતિ પણ કરવી નહિ ૧૦

जानीयात्प्रेषणेभृत्यान्बान्धवान्व्यसनागमे ॥
मित्रंचापत्तिकालेतु भार्यांचविभवक्षये ॥ ११ ॥

નોકરની, દુઃખ સમય બાન્ધવોની, વિપત્તિવેળાએ મિ-
ત્રની અને વૈભવ નાશ થઈ જાય, ત્યારે સ્ત્રીની પરીક્ષા થઈ શકે છે. ૧૧

आतुरेव्यसनेप्राप्ते दुर्भिक्षे शत्रुसंकटे ॥
राजद्वारेश्मशानेच यस्तिष्ठतिसबांधवः ॥ १२ ॥

આતુર થવાથી, દુઃખ થતાં દુષ્કાળ પડતાં, શત્રુ તરફનું સંકટ થતાં રાજ્યદ્વારે અને શ્મશાને જે સાથે રહે છે, તેજ બન્ધુ છે. ૧૨

योध्रुवाणिपरित्यज्य अध्रुवंपरिसेवते ॥
ध्रुवाणितस्यनश्यन्ति अध्रुवंनष्टमेवहि ॥ १३ ॥

જે નિશ્ચય કરેલી વસ્તુઓનો પરિત્યાગ કરી, અનિશ્ચિતની સેવા કરે છે, તો તેની નિશ્ચિત વસ્તુઓનો પણ નાશ થઈ જાય છે, અને અનિશ્ચિત તો નષ્ટજ છે ૧૩

वरयेत्कुलजांप्राज्ञो विरूपामपिकन्यकाम् ॥
रूपशीलांननीचस्य विवाहःसदृशेकुले ॥ १४ ॥

બુદ્ધિમાન્ ઉત્તમ કુળની કન્યા કુરૂપા હોય, તો પણ તેની સાથે વિવાહ કરવો, અને નિચ કુળની સુંદરી હોય, તો પણ તે વરવી નહિ, કારણ કે વિવાહ સમાન કુળમાં શોભે છે ૧૪

नदीनांचनखीनांच शृंगिणांशस्त्रपाणिनाम् ॥
विश्वासोनैवकर्तव्यः स्त्रीषुराजकुलेषुच ॥ १५ ॥

નદિઓનો, શસ્ત્ર ધારણ કરનારાઓનો, નખવાળા અને શિંગડાંવાળાં પ્રાણીઓનો, સ્ત્રીઓનો અને રાજકુળનો કદિ પણ વિશ્વાસ કરવો નહિ ૧૫

विषादप्यमृतंग्राह्यममेध्यादपिकांचनम् ॥
नीचादप्युत्तमांविद्यां स्त्रीरत्नंदुष्कुलादपि ॥ १६ ॥

વિષમાંથી પણ અમૃતને, અશુદ્ધ-અપવિત્ર પદાર્થમાંથી પણ સુવર્ણને, નિચ પાસેથી પણ ઉત્તમ વિદ્યાને અને દુષ્ટ કુળમાથી પણ સ્ત્રી રત્ન લેવું એ યોગ્ય છે. ૧૬

स्त्रीणांद्विगुणआहारो लज्जाचापिचतुर्गुणा ॥
साहसं षड्गुणंचैव कामश्चाष्टगुणःस्मृतः ॥ १७ ॥

પુરૂષથી સ્ત્રીઓનો આહાર બમણો, લાજ [illegible]
ગણું અને કામ આઠ ગણો વધારે હોય છે. ૧૭

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे प्रथमोऽध्यायः ॥ १ ॥

अनृतंसाहसंमाया मूर्खत्वमतिलोभता ॥
अशुचित्वंनिर्दयत्वंस्त्रीणांदोषाःस्वभावजाः ॥ १ ॥

અસત્ય, વગર વિચારે કોઈ કામ કરવા ત્વરાથી તત્પર થઈ જવું, છળ, મૂર્ખતા, લોભ, અપવિત્રતા અને નિર્દયતા એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષ છે. ૧

भोज्यंभोजनशक्तिश्च रतिशाक्तिर्वरांगना ॥
विभवोदानशक्तिश्च नाल्पस्यतपसःफलम् ॥ २ ॥

ભોજનના યોગ્ય પદાર્થ અને ભોજનની શક્તિ, રતિની શક્તિ, ઉત્તમ સ્ત્રી, ઐશ્વર્ય અને દાનશક્તિ એ થવુ એ કાંઈ થોડા તપનુ ફળ નથી. ૨

यस्यपुत्रोवशीभूतोभार्याछंदानुगामिनी ॥
विभवेयश्चसंतुष्टस्तस्यस्वर्गइहैवहि ॥ ३ ॥

જેનો પુત્ર વશમાં રહેતો હોય, સ્ત્રી પણ ઇચ્છાનુસાર ચાલતી હોય અને જે વૈભવમાં સંતોષ રાખતો હોય, તેને સ્વર્ગજ અહિં છે. ૩

तेपुत्रायेपितुर्भक्ताः सपितायस्तुपोषकः ॥
तन्मित्रंयत्रविश्वासः साभार्यायत्रनिर्वृतिः ॥ ४ ॥

જે પિતાનો ભક્ત છે તેજ પુત્ર છે. જે પાલન કરેછે તેજ પિતા છે. જેના પર પૂર્ણ વિશ્વાસ છે તેજ મિત્ર છે, અને તેજ સ્ત્રી છે કે જેનાથી સુખ પ્રાપ્ત થાય છે. ૪

परोक्षेकार्यहंतारं प्रत्यक्षेप्रियवादिनम् ॥
वर्जयेत्तादृशंमित्रं विषकुंभंपयोमुखम् ॥ ५ ॥

પરોક્ષ રહીને કામ બગાડે, સન્મુખ રહી મીઠી મીઠી વાતો બનાવીને કહે, તેવા મિત્રનો ઝેરથી ભરેલા ઘડાના સમાન ત્યાગ કરી દેવો. ૫

नविश्वसेत्कुमित्रंच मित्रंचापिनविश्वसेत् ॥
कदाचित्कुपितंमित्रं सर्वंगुह्यंप्रकाशयेत् ॥ ६ ॥

કુમિત્રનો વિશ્વાસ કોઈ પણ રીતે કરવોજ નહિ, તેમજ સુમિત્રનો પણ વિશ્વાસ રાખવો નહિ, કારણકે જો કોઈ દિવસ મિત્રતા તૂટે, તો તે મિત્ર સર્વ ગુપ્ત વાર્તા કહી દે, માટે તેનો પણ વિશ્વાસ કરવો નહિ. ૬

मनसाचिंतितंकार्यं वाचानैवप्रकाशयेत् ॥
मंत्रेणरक्षयेद्गूढं कार्यंचापिनियोजयेत् ॥ ७ ॥

મનમાં વિચારેલાં કામને વચનથી પ્રસિદ્ધિમાં લાવવું નહિ; પરંતુ મંત્ર સમાન તેનું સંરક્ષણ કરવું, અને ગુપ્ત રીતેજ તે કાર્ય કરવું. ૭

कष्टंचखलुमूर्खत्वं कष्टंचखलुयौवनम् ॥
कष्टात्कष्टतरंचैव परगेहनिवासनम् ॥ ८ ॥

મૂર્ખતા દુઃખ આપે છે, અને તરુણાવસ્થા પણ દુઃખજ આપે છે; પરંતુ બીજાના ઘરમાં વાસ કરે તો બહુજ દુઃખદાયક હોય છે. ૮

शैलेशैलेनमाणिक्यं मौक्तिकंनगजेगजे ॥
साधवोनहिसर्वत्र चंदनंनवनेवने ॥ ९ ॥

કાંઈ બધા પર્વતોપર માણિક્ય થતાં નથી, તેમજ કાંઈ મોતી પણ બધા હાથિનાં ગંડસ્થળમાંથી મળતા નથી સાધુ લોકો પણ સર્વત્ર મળતા નથી અને સઘળા વનમાં ચન્દન પણ થતું નથી. ૯

पुत्राश्चविविधैःशीलैर्नियोज्याःसततं बुधैः ॥
नीतिज्ञाःशीलसंपन्ना भवंतिकुलपूजिताः ॥ १० ॥

બુદ્ધિમાન્ લોકોએ બાળકોને નાના પ્રકારે સુશીલતા યુક્ત કરવા હમેશાં યત્ન કરવું; કારણકે નીતિને જાણવાવાળા જે શીલવાન્ હોય તેઓ તે કૂળમાં પૂજ્ય થાય છે. ૧૦

मातारिपुःपिताशत्रुर्बालोयेननपाठ्यते ॥
नशोभतेसभामध्ये हंसमध्येबकोयथा ॥ ११ ॥

જેણે પોતાનાં બાળકને ભણાવેલ નથી, તે બાળકનાં માબાપ તેનાં

શત્રુ છે; કારણકે જેમ હંસના વચમાં બગલો શોભતો નથી તેમ અ-
ભણ પણ સભામાં શોભતો નથી. ૧૧

लालनाद्बहवोदोषास्ताडनाद्बहवोगुणाः ॥
तस्मात्पुत्रंचशिष्यंचताडयेन्नतुलालयेत् ॥ १२ ॥

લાડ લડાવવામાં બહુજ દોષ છે, અને તાડન કરવામાં ઘણા ગુણ છે,
માટે પુત્ર તથા શિષ્યને તાડન કરવું પણ તેનું લાલન ન કરવું. ૧૨

श्लोकेनवातदर्द्धेन तदर्द्धार्द्धाक्षरेणच ॥
अवंध्यंदिवसंकुर्याद्दानाध्ययनकर्मभिः ॥ १३ ॥

એક શ્લોક, વા અર્ધો શ્લોક તથા શ્લોકનું એકજ ચરણ પણ રોજ
ભણવું ઉચિત છે કારણ કે દાન અને અધ્યયન આદિ કર્મથી દિવસને
સાર્થક કરવો જોઈએ ૧૩

कांतावियोगःस्वजनापमानो रणस्यशेषः कुनृपस्यसेवा ॥
दरिद्रभावोविषमासभाच विनाग्निनातेप्रदहन्तिकायम् ॥ १४ ॥

સ્ત્રીનો વિરહ, પોતાના જનોથી અપમાન, યુદ્ધથી ભાગેલા શત્રુ, કુનૃ-
પની સેવા, દરિદ્રતા અને અવિવેકીઓની સભા એ અગ્નિ વગર પણ શ-
રીરને બાળે છે. ૧૪

नदीतीरेचयेवृक्षाःपरगेहेषुकामिनी ॥
मंत्रिहीनाश्चराजानः शीघ्रंनश्यन्त्यसंशयम् ॥ १५ ॥

નદીના કાંઠા ઉપરના ઝાડ, પારકાને ઘેર જવાવાળી સ્ત્રી, અને મંત્રી
વગરનો રાજા, એ નિશ્ચય પૂર્વક ત્વરાથી નષ્ટ થઈ જાય છે ૧૫

बलंविद्याचविप्राणां राज्ञांसैन्यंबलंतथा ॥
बलंवित्तंचवैश्यानां शूद्राणांचकनिष्ठता ॥ १६ ॥

બ્રાહ્મણોનું બળ વિદ્યા, રાજાનું બળ સેના, વ્યાપારીઓનું બળ ધન
અને શુદ્રોનું બળ સેવા છે. ૧૬

निर्धनंपुरुषंवेश्या प्रजाभग्नंनृपंत्यजेत् ॥
खगावीतफलंवृक्षं भुक्त्वाअभ्यागतागृहम् ॥ १७ ॥

નિર્ધન પુરૂષને વેશ્યા, શક્તિહીન રાજાને પ્રજા, ફળ રહિત થએલાં
વૃક્ષને પક્ષી અને અભ્યાગત ભોજન કરી ઘરનો ત્યાગ કરે છે. ૧૭

गृहीत्वादक्षिणांविप्रास्त्यजन्तियजमानकम् ॥
प्राप्तविद्यागुरुंशिष्या दग्धारण्यंमृगास्तथा ॥ १८ ॥

બ્રાહ્મણ દક્ષિણા લઇને યજમાનનો ત્યાગ કરેછે, શિષ્ય વિદ્યા પ્રાપ્ત થતાં ગુરૂનો અને બળેલા વનનો મૃગ ત્યાગ કરી છે. ૧૮

दुराचारीदुराद्दृष्टिर्दुरावासी चदुर्जनः ॥
यन्मैत्रीक्रियतेपुंभिः सतुशीघ्रंविनश्यति ॥ १९ ॥

જેના આચરણ સારાં નથી, જેની પાપમાર્ગ દૃષ્ટિ છે, નઠારાં સ્થળમાં વાસ કરનારો અને દુર્જનની સાથે જે મિત્રતા કરે છે, તે તુરત નષ્ટ થઈ જાય છે ૧૯

समानेशोभतेप्रीती राज्ञिसेवाचशोभते ॥
वाणिज्यंव्यवहारेषु स्त्रीदिव्याशोभतेगृहे ॥ २० ॥

સમાન જનમા પ્રીતિ શોભે છે, અને સેવા રાજામા શોભે છે, વ્ય-વહારમા વાણિજ્યપણું અને ઘરમા દિવ્ય સ્ત્રી શોભે છે. ૨૦

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर
भाषांतरे द्वितीयोऽध्यायः ॥ २ ॥

कस्यदोषःकुलेनास्तिव्याधिनाकेनपीडिताः ॥
व्यसनंकेननप्राप्तंकस्यसौख्यंनिरन्तरम् ॥ १ ॥

કોના કુળમા દોષ નથી ? વ્યાધિએ કોને પીડા કરી નથી ? કોને દુ:ખ પ્રાપ્ત થયુ નથી ? અને કોને સદા સુખજ રહ્યું છે ? ૧

आचारःकुलमाख्यातिदेशमाख्यातिभाषणम् ॥
संभ्रमःस्नेहमाख्यातिवपुराख्यातिभोजनम् ॥ २ ॥

આચાર કુળને બતાવે છે. બોલી દેશને જણાવે છે. આદર પ્રીતિનો પ્રકાશ કરે છે, અને શરીર ભોજનને બતાવે છે. ૨

सत्कुलेयोजयेत्कन्यां पुत्रंविद्यासुयोजयेत् ॥
व्यसनेयोजयेच्छत्रुं मित्रंधर्मेणयोजयेत् ॥ ३ ॥

કન્યા ઉત્તમ કુળવાળાને દેવી જોઇયે. પુત્રને વિદ્યામાં લગાડવો જોઇયે. શત્રુને દુઃખ દેવું ઉચિત છે અને મિત્રને ધર્મોપદેશ કરવો જોઇએ. ૩

दुर्जनस्यचसर्पस्य वरंसर्पोनदुर्जनः ॥
सर्पोदंशतिकालेतु दुर्जनस्तुपदेपदे ॥ ४ ॥

દુર્જન અને સર્પ એમાં સાપ સારો પણ દુર્જન સારો નહિ; કારણકે સર્પ તો કાળ આવે ત્યારેજ કરડે છે અને દુર્જન તો પગલે પગલે કરડે છે. ૪

एतदर्थंकुलीनानां नृपाःकुर्वंतिसंग्रहम् ॥
आदिमध्यावसानेषु नत्यजन्तिचतेनृपम् ॥ ५ ॥

રાજાઓ કુલીનનો સંગ્રહ એ માટે કરે છે કે તેઓ ઉન્નતિમાં, સામાન્ય સ્થિતિમાં અને વિપત્તિમા પણ રાજાનો ત્યાગ કરતા નથી. ૫

प्रलयेभिन्नमर्यादा भवन्तिकिलसागराः ॥
सागराभेदमिच्छन्ति प्रलयेऽपिनसाधवः ॥ ६ ॥

પ્રલયના સમયમાં સમુદ્ર પોતાની મર્યાદાનો ત્યાગ કરી દે છે, અને સાગર ભેદની ઇચ્છા પણ રાખે છે, પરંતુ મહાત્મા લોકો પ્રલય થયા છતાં પણ પોતાની મર્યાદાનો ત્યાગ કરતા નથી. ૬

मूर्खस्तुपरिहर्तव्यः प्रत्यक्षोद्विपदःपशुः ॥
भिनत्तिवाक्यशल्येन अदृशंकंटकंयथा ॥ ७ ॥

મૂર્ખને દૂર કરવો ઉચિત્ છે; કારણ કે તે જોવામાંજ મનુષ્ય છે; પરતુ યથાર્થ રીતે જો તેને જોઇયે તો તે બે પગનો પશુ છે, તેથી જેમ આંધળાને કાંટા વાગે છે, તેમ મૂર્ખ વાક્યરૂપી કાંટાથી આપણને વીંધે છે. ૭

रूपयौवनसम्पन्ना विशालकुलसम्भवाः ॥
विद्याहीनानशोभन्ते निर्गंधाइवकिंशुकाः ॥ ८ ॥

સુંદરતા, તરૂણતા અને મોટા કૂળમાં જન્મ છતાં પણ જો વિદ્યાહીન હોય, તો તે પુરૂષ ખાખરાનાં ફુલનાં સમાન શોભતો નથી. ૮

कोकिलानांस्वरोरूपं स्त्रीणांरूपंपतिव्रतम् ॥
विद्यारूपंकुरूपाणां क्षमारूपंतपस्विनाम् ॥ ९ ॥

કોયલની શોભા સ્વર છે, સ્ત્રીઓની શોભા પાતિવ્રત છે, કુરૂપવાનની શોભા વિદ્યા છે અને તપસ્વિઓની શોભા ક્ષમા છે. ૯

त्यजेदेकंकुलस्यार्थे ग्रामस्यार्थेकुलंत्यजेत् ॥
ग्रामंजनपदस्यार्थे आत्मार्थेपृथिवींत्यजेत् ॥ १० ॥

કુળના સારાં માટે જો એકનો ત્યાગ કરવો પડે, તો તેનો ત્યાગ કરી દેવો ગામને માટે કુળનો ત્યાગ કરવો ઉચિત્ છે. દેશને માટે ગામનો અને પોતાને માટે પૃથિવીનો અર્થાત્ સર્વનો ત્યાગ કરી દેવો ઉચિત્ છે ૧૦

उद्योगेनास्तिदारिद्र्यं जपतोनास्तिपातकम् ॥
मौनेचकलहोनास्ति नास्तिजागरितेभयम् ॥ ११ ॥

ઉદ્યોગ કરવાથી દરિદ્રતા થતી નથી, જપ કરવાથી પાપ થતું નથી, મૌન રહેવાથી કલહ થતો નથી, અને જાગવાવાળાની પાસે ભય આવતો નથી. ૧૧

अतिरूपेणवैसीता अतिगर्वेणरावणः ॥
अतिदानाद्बलिर्बद्धो ह्यतिसर्वत्रवर्जयेत् ॥ १२ ॥

અત્યંત સુંદરતાને લીધે સીતાજીનુ હરણ થયુ. અતિ ગર્વને લીધે રાવણનુ મરણ થયુ. ઘણુ દાન દેવાથી બળિરાજાને બંધાવુ પડયું, માટે અતિનો સર્વત્ર ત્યાગ કરવો ૧૨

कोहिभारःसमर्थानां किंदूरंव्यवसायिनाम् ॥
कोविदेशःसुविद्यानांकोऽप्रियःप्रियवादिनाम् ॥ १३ ॥

સમર્થને કઈ વસ્તુ ભારી છે? કામમાં તત્પર રહેવાવાળાને શું દૂર છે? સુન્દર વિદ્યાવાળાને કયો વિદેશ છે? અને પ્રિયવાદિયોને અપ્રિય કોણ છે? અર્થાત્ કોઈ પણ નહિ. ૧૩

एकेनापिसुवृक्षेण पुष्पितेनसुगन्धिना ॥
वासितंतद्वनंसर्वं सुपुत्रेणकुलंयथा ॥ १४ ॥

એક ઉત્તમ વૃક્ષનાં સુગંધીવાળા પુષ્પથી જેમ આખું વન સુવાસિત થઈ જાય છે, તેમ સુપુત્રથી આખું કુળ શોભાને પામે છે. ૧૪

एकेन शुष्कवृक्षेण दह्यमानेन वन्हिना ॥
दह्यतेतद्वनंसर्वं कुपुत्रेणकुलंयथा ॥ १५ ॥

આગથી બળેલાં એકજ સુકાં ઝાડથી જેમ આખું વન બળી જાય છે, તેમ કુપુત્રથી કુળ બળી જાય છે. ૧૫

एकेनापिसुपुत्रेण विद्यायुक्तेनसाधुना ॥
आल्हादितंकुलंसर्वं यथाचंद्रेणशर्वरी ॥ १६ ॥

જેમ ચન્દ્રમાથી રાત્રિ શોભાયમાન્ લાગે છે, તેમ વિદ્યાયુક્ત એકજ પુત્રથી આખુ કુળ આનંદ પામે છે. ૧૬

किंजातैर्बहुभिःपुत्रैः शोकसंतापकारकैः ॥
वरमेकःकुलालंबी यत्रविश्राम्यतेकुलम् ॥ १७ ॥

શોક સંતાપને કરવાવાળા ઘણા પુત્રો થાય તો તેથી શું લાભ છે? કાંઈ પણ નહિ, પરંતુ કુળને સહાયતા આપનારો એકજ પુત્ર શ્રેષ્ટ છે કે, જેથી કુળ વિશ્રામને પામે છે. ૧૭

लालयेत्पंचवर्षाणि दशवर्षाणिताडयेत् ॥
प्राप्तेतुषोडशेवर्षे पुत्रेमित्रत्वमाचरेत् ॥ १८ ॥

પુત્રને પાંચ વર્ષ પર્યંત લાડ લડાવવું, પછીનાં દશ વર્ષ વિદ્યાભ્યાસ માટે તાડન કરવુ, અને સોળમુ વર્ષ બેસતાં પુત્રમાં મિત્ર સમાન આચરણ કરવુ ૧૮

उपसर्गेऽन्यचक्रेच दुर्भिक्षेचभयावहे ॥
असाधुजनसंपर्के यःपलायतिजीवति ॥ १९ ॥

ઉપદ્રવ થતાં, શત્રુ ચડી આવતાં, ભયંકર દુષ્કાળ પડતાં અને દુર્જનનો સંગ થતાં જે ભાગી છૂટે છે તેજ જીવે છે ૧૯

धर्मार्थकाममोक्षेषु यस्यकोऽपिनविद्यते ॥
जन्मजन्मनिमर्त्येषु मरणंतस्यकेवलम् ॥ २० ॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાંથી જેણે એક પણ પુરૂષાર્થ ન કર્યો, તેને મનુષ્યોમાં જન્મ થયાનું ફળ કેવળ મરણજ થયું છે. ૨૦

मूर्खायत्रनपूज्यंते धान्यंयत्रसुसंचितम् ॥
दांपत्येकलहोनास्ति तत्रश्रीःस्वयमागता ॥ २१ ॥

જ્યાં મૂર્ખનું પૂજન થતું નથી, ત્યાં અન્નનો સંગ્રહ થાય છે અને જ્યાં સ્ત્રી-પુરૂષમાં કલહ થતો નથી ત્યા લક્ષ્મી પોતે પોતાની મેળે આવીને રહે છે. ૨૧

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे तृतियोऽध्यायः ॥ ३ ॥

आयुःकर्मच वित्तंचविद्यानिधनमेवच ॥
पंचैतानिहिसृज्यन्ते गर्भस्थस्यैवदेहिनः ॥ १ ॥

આયુ, કર્મ, ધન, વિદ્યા અને મરણ એ પાંચે જ્યારે જીવ ગર્ભમા રહે છે, ત્યારેજ લખી દેવામા આવે છે ૧

साधुभ्यस्तेनिवर्तन्ते पुत्रमित्राणिबांधवाः ॥
येचतैःसहगंतारस्तद्धर्मात्सुकृतंकुलम् ॥ २ ॥

પુત્ર, મિત્ર અને બન્ધુ એ સાધુ જનોથી નિવૃત્ત થઈ જાય છે, અને જો તેનો સગ કરે છે, તો તેનાં પુણ્યથી તેનુ કુળ પવિત્ર થઈ જાય છે ૨

दर्शनध्यानसंस्पर्शैर्मत्स्यीकूर्मीचपक्षिणी ॥
शिशुंपालयतेनित्यं तथासज्जनसंगतिः ॥ ३ ॥

માછલી, કાચબી અને ચકલી એ દર્શન, ધ્યાન અને સ્પર્શથી જેવું બચ્ચાંઓનું પાલન કરે છે, તેવીજ સજ્જનની સગતિ પણ છે. ૩

यावत्स्वस्थोह्ययंदेहो यावन्मृत्युश्चदूरतः ॥
तावदात्महितंकुर्यात्प्राणांतेकिंकरिष्यति ॥ ४ ॥

જ્યાં સુધી દેહ નિરોગ છે, અને જ્યાં સુધી મૃત્યુ દૂર છે, ત્યાં સુધી પોતાનું હિત કરવા માટે પુણ્યાદિ કરવાં ઉચિત્ છે. પરંતુ પ્રાણાંત થઈ ગયા પછી પાછળથી બીજા શું કરશે? અર્થાત્ કાંઈ પણ નહિ. ૪

कामधेनुगुणाविद्या ह्यकालेफलदायिनी ॥
प्रवासेमातृसदृशी विद्यागुप्तंधनंस्मृतम् ॥ ५ ॥

વિદ્યામાં કામધેનુના સમાન ગુણ છે; કારણ કે દુષ્કાળમાં પણ તે ફળ આપે છે. વિદેશમાં વિદ્યા માતા સમાન છે માટે વિદ્યાને ગુપ્ત ધન કહેલ છે. ૫

एकोऽपिगुणवान्पुत्रो निर्गुणैश्चशतैर्वरः ॥

एकश्चंद्रस्तमोहंति नचताराःसहस्रशः ॥ ६ ॥

જેમ એક ચન્દ્રમા અન્ધકારને દૂર કરી દે છે, પરંતુ હજારો તારા દૂર કરી શકતા નથી, તેમજ એકજ પણ ગુણવાન્ પુત્ર શ્રેષ્ઠ છે; પરંતુ સેંકડો પુત્ર હોય અને ગુણહીન હોય તો તેવા પુત્રોથી શું લાભ છે? કાંઈ પણ નહિ. ૬

मूर्खश्चिरायुर्जातोऽपि तस्माज्जातमृतोवरः ॥

मृतस्तुचाल्पदुःखाययावज्जीवंजडोदहेत् ॥ ७ ॥

મૂર્ખ બાળક ચિરજીવ રહે, તે કરતા જો તે જન્મ થતાંજ મરણ પામે તો તે શ્રેષ્ઠ છે, કારણ કે તેનુ મરણ થોડુ દુખદાયક છે, કેમકે મૂર્ખ જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી તે દુખરૂપજ છે. ૭

कुग्रामवासःकुलहीनसेवा कुभोजनंक्रोधमुखीचभार्या ॥

पुत्रश्चमूर्खोविधवाचकन्याविनाग्निनाषट्प्रदहंतिकायम् ॥ ८ ॥

કુગ્રામમાં નિવાસ, કુલહીનની સેવા, કુભોજન, કજીયારી–કુલટા સ્ત્રી, મૂર્ખ પુત્ર અને વિધવા દીકરી એ છ અગ્નિ વગર શરીરને બાળ-નારાં છે. ૮

किंतयाक्रियतेधेन्वा यानदोग्ध्रीनगुर्विणी ॥

कोर्थःपुत्रेणजातेन योनविद्वान्नभक्तिमान् ॥ ९ ॥

જે ગાય દુધ આપતી નથી, તેમ ગાભણી થતી નથી, તેનાથી જેમ લાભ નથી; તેમજ જે પુત્ર વિદ્વાન્ અને ભક્તિવાન્ નથી, તો તે પુત્રથી પણ શું લાભ છે? અર્થાત્ કાંઈ પણ નહિ. ૯

संसारतापदग्धानां त्रयोविश्रांतिहेतवः ॥

अपत्यंचकलत्रंच सतांसंगतिरेवच ॥ १० ॥

પુત્ર, સ્ત્રી અને સજ્જનોની સંગત એ ત્રણે સાંસારિક તાપથી બ-ળતા પુરૂષોને વિશ્રામનાં હેતુ છે. ૧૦

सकृज्जल्पन्तिराजानः सकृज्जल्पन्तिपंडिताः ॥
सकृत्कन्याःप्रदीयन्तेत्रीण्येतानिसकृत्सकृत् ॥ ११ ॥

રાજાઓ એકજ વાર આજ્ઞા કરે છે, પંડિત લોકો એકજ વાર બોલે છે અને કન્યાનું દાન એકજ વાર થાય છે, આ ત્રણ્યે કામ એકજ વાર થાય છે. ૧૧

एकाकिनातपोद्वाभ्यां पठनंगायनंत्रिभिः ॥
चतुर्भिर्गमनंक्षेत्रं पंचभिर्बहुभीरणम् ॥ १२ ॥

એકલાથી તપ, બેથી ભણવું, ત્રણથી ગાવું, ચારથી પંથે ચાલવું, પાંચથી ખેતી અને ઘણાથી યુદ્ધ સારી રીતે થઈ શકે છે. ૧૨

साभार्यायाशुचिर्दक्षा साभार्यायापतिव्रता ॥
साभार्यायापतिप्रीता साभार्यासत्यवादिनी ॥ १३ ॥

જે પવિત્ર અને ચતુર છે તેજ સ્ત્રી છે, જે પતિવ્રતા છે તેજ સ્ત્રી છે, જેનાપર પતિની પ્રીતિ છે તેજ સ્ત્રી છે, જે સત્ય બોલે છે તેજ સ્ત્રી છે, અર્થાત્ જે ઉપર કહ્યા પ્રમાણે અનુસરનારી સ્ત્રી હોય તેજ દાન, માન, પોષણ અને પાલન કરવા યોગ્ય છે. ૧૩

अपुत्रस्यगृहंशून्यंदिशःशून्यास्त्वबांधवाः ॥
मूर्खस्यहृदयंशून्यं सर्वशून्यादरिद्रता ॥ १४ ॥

પુત્ર વગરનુ ઘર શૂન્ય છે, બન્ધુ વગર દિશાઓ શૂન્ય છે, મૂર્ખનું હૃદય શૂન્ય છે અને સર્વ શૂન્ય દરિદ્રતા છે. ૧૪

अनभ्यासेविषंशास्त्रमजीर्णेभोजनंविषम् ॥
दरिद्रस्यविषंगोष्ठी वृद्धस्यतरुणीविषम् ॥ १५ ॥

અભ્યાસ વગર શાસ્ત્ર વિષ થઈ જાય છે, પચ્યા વગરનું ભોજન વિષ થઈ જાય છે, દરિદ્રીનો વાણી વિનોદ વિષ અને વૃદ્ધને યુવાન તરૂણી-ની વિષ સમાન છે. ૧૫

त्यजेद्धर्मंदयाहीनं विद्याहीनंगुरुंत्यजेत् ॥
त्यजेत्क्रोधमुखींभार्यां निःस्नेहान्बांधवांस्त्यजेत् ॥ १६ ॥

દયા વગરના ધર્મનો ત્યાગ કરવો, વિદ્યાહીન ગુરૂનો ત્યાગ કરવો, જેના મુખથી ક્રોધ પ્રગટ થતો હોય એવી સ્ત્રીનો ત્યાગ કરવો, અને પ્રીતિ વગરનાં બાન્ધવનો ત્યાગ કરવો. ૧૬

अध्वाजरामनुष्याणां वाजिनांबन्धनंजरा ॥

अमैथुनंजरास्त्रीणां वस्त्राणामातपोजरा ॥ १७ ॥

મનુષ્યને અત્યંત ખેપ કરવી, પગે ચાલવું એ વૃદ્ધવસ્થા વહેલી લાવે છે, ઘોડા બાંધી રાખવાથી વૃદ્ધ થઈ જાય છે, સ્ત્રી અમૈથુનથી વૃદ્ધ થઈ જાય છે અને વસ્ત્ર તાપમાંથી જીર્ણ થઈ જાય છે. ૧૭

कःकालःकानिमित्राणि कोदेशःकौव्ययागमौ ॥

कस्याहंकाचमेशक्तिरितिचिंत्यंमुहुर्मुहुः ॥ १८ ॥

કયા વખતમાં શું કરવું જોઈએ ? મિત્ર કોણ છે ? તેનો વિચાર કરવો જોઈએ. દેશ કયો છે ? એ પર ધ્યાન આપવું જોઈએ લાભ ખર્ચ શું છે ? એ પણ જાણવું જોઈએ એ પ્રમાણે હું કોનો છું ? એ પણ જોવું જોઈએ અને મારામાં શું શક્તિ છે ? એ બરાબર વિચારવાની જરૂર છે. ૧૮

अग्निर्देवोद्विजातीनां मुनीनांहृदिदैवतम् ॥

प्रतिमास्वल्पबुद्धीनां सर्वत्रसमदर्शिनाम् ॥ १९ ॥

બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય એના દેવતા અગ્નિછે મુનિયોના હૃદયમાં દેવતા રહે છે, મનુષ્ય બુદ્ધિવાળાઓને મુર્તિયોમા અને સમદર્શીઓને સર્વ સ્થાનમાં દેવતા છે. ૧૯

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतर चतुर्थोऽध्यायः ॥ ४ ॥

पतिरेवगुरुःस्त्रीणां सर्वस्याभ्यागतोगुरुः ॥

गुरुरग्निर्द्विजातीनां वर्णानांब्राह्मणोगुरुः ॥ १ ॥

સ્ત્રિયોનો ગુરૂ પતિજ છે. અભ્યાગત સર્વેનો ગુરૂ છે, બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્યના ગુરૂ અગ્નિ છે. અને ચારે વર્ણના ગુરૂ બ્રાહ્મણ છે. ૧

यथाचतुर्भिःकनकंपरीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ॥
तथाचतुर्भिःपुरुषःपरीक्ष्यते त्यागेनशीलेनगुणेनकर्मणा ॥२॥

ઘસવું, કાપવું, તપાવવુ, અને પીટવું એ ચારે પ્રકારથી જેમ સુવર્ણની પરીક્ષા થાય છે; તેમજ દાન, શીળ, ગુણ અને આચાર એ ચારે પ્રકારથી પુરૂષની પણ પરીક્ષા કરવામા આવે છે ૨

तावद्भयेषु भेतव्यं यावद्भयमनागतम् ॥
आगतंतुभयंदृष्ट्वा प्रहर्तव्यमशंकया ॥ ३ ॥

જ્યાં સુધી ભય આવ્યો નથી, ત્યા સુધીજ ભયથી ડરવુ જોઇએ, અને આવેલ ભયને જોઈને પ્રહાર કરવો ઉચિત્ છે. ૩

एकोदरसमुद्भूता एकनक्षत्रजातकाः ॥
नभवंतिसमाःशीले यथाबदरिकंटकाः ॥ ४ ॥

જેમ બોર અને તેના કાંટા સમાન નથી તેમ એકજ ગર્ભથી ઉત્પન્ન અને એકજ નક્ષત્રમા જનમેલ પુરૂષ શીળમાં સમાન હોતા નથી. ૪

निःस्पृहोनाधिकारीस्यान्नाकामोमंडनप्रियः ॥
नाविदग्धःप्रियंब्रूयात्स्पष्टवक्तानवंचकः ॥ ५ ॥

જેને કોઇ પણ વિષયની ઇચ્છા હોતી નથી તે કોઈ પણ વિષયનો અધિકાર લેતો નથી. જે કામી નહિ હોય તે શરીરને શોભા આપનારી વસ્તુઓમાં પ્રીતિ રાખશે નહિ જે ચતુર નહિ હોય તે પ્રિય બોલી શકશે નહિ. અને સ્પષ્ટ બોલવાવાળો પ્રપચી નહીં હોય ૫

मूर्खाणांपंडिताद्वेष्या अधनानांमहाधनाः ॥
दुर्भगाणांचसुभगाः कुल्टानांकुलांगनाः ६ ॥

મુર્ખ પડિતોથી, દરિદ્રી દ્રવ્યવાનથી, વ્યભિચારિણી કુલાંગનાઓથી અને વિધવા સુવાસણોથી ખરાબ માને છે. ૬

आलस्योपहताविद्यापरहस्तगतंधनम् ॥
अल्पबीजंहतंक्षेत्रंहतंसैन्यमनायकम् ॥ ७ ॥

આલસ્યથી વિદ્યા નષ્ટ થઈ જાય છે, અન્યના હાથમાં જવાથી ધન

નિરર્થક થઈ જાય છે, બીજ વગરનું ખેતર વેરાન થઈ જાય છે, અને સેનાપતિ વગર સેના મારી જાય છે ૭

अभ्यासाद्धार्यतेविद्या कुलंशीलेनधार्यते ॥
गुणेनज्ञायतेत्वार्यः कोपोनेत्रेणगम्यते ॥ ८ ॥

અભ્યાસથી વિદ્યા, સુશીલતાથી કુળ, ગુણથી સારૂં માણસ અને નેત્રથી ક્રોધ જણાઈ આવે છે. ૮

वित्तेनरक्ष्यतेधर्मो विद्यायोगेनरक्ष्यते ॥
मृदुनारक्ष्यतेभूपः सत्स्त्रियारक्ष्यतेगृहम् ॥ ९ ॥

ધનથી ધર્મનું સંરક્ષણ થાય છે, યમ નિયમ—આદિ અષ્ટાંગ યોગથી જ્ઞાનનું સંરક્ષણ થાય છે. મૃદુતાથી રાજાનું સંરક્ષણ થાય છે અને ઉત્તમ સ્ત્રીથી ઘરનું સંરક્ષણ થાય છે. ૯

अन्यथावेदपाण्डित्यंशास्त्रमाचारमन्यथा ॥
अन्यथायद्वदन्शांतंलोकाःक्लिश्यन्तिचान्यथा ॥ १० ॥

વેદનાં પાંડિત્યને વ્યર્થ પ્રકાશ કરવાવાળાં શાસ્ત્ર અને તેના આચારના વિષયમાં વ્યર્થ વિવાદ કરવાવાળા, શાંત પુરૂષને અન્યથા કહેવાવાળા, એ લોક વ્યર્થજ ક્લેશ ઉઠાવે છે. ૧૦

दारिद्र्यनाशनंदानं शीलंदुर्गतिनाशनम् ॥
अज्ञाननाशिनीप्रज्ञा भावनाभयनाशिनी ॥ ११ ॥

દાન દરિદ્રતાનો નાશ કરે છે, સુશીલતા દુર્ગતિને દુર કરે છે, બુદ્ધિ અજ્ઞાનનો નાશ કરે છે, અને ભક્તિ ભયનો નાશ કરે છે. ૧૧

नास्तिकामसमोव्याधिर्नास्तिमोहसमोरिपुः ॥
नास्तिकोपसमोवह्निर्नास्तिज्ञानात्परंसुखम् ॥ १२ ॥

કામના સમાન અન્ય વ્યાધિ નથી, અજ્ઞાન સદૃશ અન્ય વૈરી નથી, ક્રોધ સદૃશ અન્ય અગ્નિ નથી, અને જ્ઞાનથી પર કોઈ પણ સુખ નથી. ૧૨

जन्ममृत्यूहियात्येकोभुनक्त्येकःशुभाशुभम् ॥
नरकेषुपतत्येकएकोयातिपरांगतिम् ॥ १३ ॥

એકજ પુરૂષ જન્મ-મરણને પામે છે, સુખ દુઃખ એકજ ભોગવે છે. એકજ નરકોમાં પડે છે, અને એકજ મોક્ષ પામે છે; અર્થાત્ આ કામોમાં કોઈ કોઈની સહાયતા કરી શકતુંજ નથી. ૧૩

तृणंब्रह्मविदःस्वर्गस्तृणंशूरस्यजीवितम् ॥
जिताक्षस्यतृणंनारी निःस्पृहस्यतृणंजगत् ॥ १४ ॥

બ્રહ્મજ્ઞાનીને સ્વર્ગ તૃણ છે, શૂરવીરને જીવન તૃણ સદૃશ છે, જેણે ઇન્દ્રિયોને વશ્ય કરેલ છે તેને સ્ત્રી તણના સમાન જણાય છે અને નિસ્પૃહને તો જગત પણ તૃણ સમાન છે ૧૪

विद्यामित्रंप्रवासेषु भार्यामित्रंगृहेषुच ॥
व्याधितस्यौषधंमित्रं धर्मोमित्रंमृतस्य च ॥ १५ ॥

વિદેશમાં મિત્ર વિદ્યા છે, ઘરમા ભાર્યા મિત્ર છે, રોગીને ઓષધ મિત્ર છે અને મરેલને ધર્મ છે તે મિત્ર છે ૧૫

वृथावृष्टिःसमुद्रेषु वृथा तृप्तेषु भोजनम् ॥
वृथादानंधनाढ्येषु वृथादीपोदिवापिच ॥ १६ ॥

સમુદ્રમા વૃષ્ટિ વ્યર્થછે, અને ભોજનથી તૃપ્ત થએલાને ભોજન નિરર્થક છે, દ્રવ્યવાનને દાન દેવુ નકામુ છે અને દિવસે દીવો વ્યર્થ છે. ૧૬

नास्तिमेघसमंतोयं नास्तिचात्मसमंबलम् ॥
नास्तिचक्षुःसमंतेजो नास्तिचान्नसमंप्रियम् ॥ १७ ॥

મેઘના જળ સમાન અન્ય જળ નથી, પોતાના બળ સમાન બીજાનું બળ નથી, કારણ કે સમયે કામ આવે છે. નેત્રના સમાન બીજુ પ્રકાશ કરવાવાળુ એકે નથી,અને અન્ન સદૃશ પ્રિય બીજો એકે પદાર્થ નથી. ૧૭

अधनाधनमिच्छन्तिवाचंचैवचतुष्पदाः ॥
मानवाःस्वर्गमिच्छन्तिमोक्षमिच्छन्तिदेवताः ॥ १८ ॥

ધનહીન ધનની ઇચ્છા કરે છે, પશુ વચન ઇચ્છે છે, મનુષ્ય સ્વર્ગની ઇચ્છા કરે છે અને દેવતા મુક્તિ ઇચ્છે છે. ૧૮

सत्येनधार्यतेपृथ्वी सत्येनतपतेरविः ॥
सत्येनवातिवायुश्च सर्वंसत्येप्रतिष्ठितम् ॥ १९ ॥

સત્યથી પૃથિવી સ્થિર છે, અને સત્યથીજ સર્ય તપે છે અને સત્યથીજ વાયુ વાય છે, સર્વ સત્યથીજ સ્થિર છે. ૧૯

चलालक्ष्मीश्चलाःप्राणाश्चलेजीवितमंदिरे ॥
चलाचलेचसंसारे धर्मएकोहिनिश्चलः ॥ २० ॥

લક્ષ્મી નિત્ય નથી, પ્રાણ, જીવન અને ઘર એ બધાં પણ સ્થિર નથી. આ ચરાચર જગતમાં કેવળ ધર્મ છે તેજ સ્થિર છે. ૨૦

नराणांनापितोधूर्तः पक्षिणांनेरवायसः ॥
चतुष्पदांशृगालस्तु स्त्रीणांधूर्ताचमालिनी ॥ २१ ॥

પુરૂષોમા વાળંદ અને પક્ષીઓના કાગડો ધુર્ત હોય છે, પશુઓમા શિયાળ અને સ્ત્રીઓના માલણ ધુતારી હોય છે. ૨૧

जनिताचोपनीत. यस्तुविद्यांप्रयच्छति ॥
अन्नदाताभयत्राता पंचैते पितरःस्मृताः ॥ २२ ॥

જન્મ આપનાર, જનોઈ-આદિ સંસ્કાર કરાવનાર, વિદ્યા ભણાવનાર અન્નદાતા, અને ભયથી બચાવનાર એ પાંચ પિતા ગણાય છે ૨૨

राजपत्नीगुरोःपत्नी मित्रपत्नीतथैवच ॥
पत्नीमातास्वमाताच पंचैतामातरःस्मृता ॥ २३ ॥

રાજાની સ્ત્રી, ગુરૂ પત્ની, તેમજ મિત્રની સ્ત્રી, સાસુ અને પોતાની માતા એ પાંચે માતા કહેવાય છે ૨૩

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर
भाषांतरे पंचमोऽध्यायः ॥ ५ ॥

श्रुत्वाधर्मंविजानाति श्रुत्वात्यजतिदुर्मतिम् ॥
श्रुत्वाज्ञानमवाप्नोतिश्रुत्वामोक्षमवाप्नुयात् ॥ १ ॥

શાસ્ત્ર શ્રવણથી મનુષ્ય ધર્મને જાણે છે, દુર્બુદ્ધિનો ત્યાગ કરે છે, જ્ઞાન પામે છે અને મોક્ષ પણ પામે છે. ૧

काकःपक्षिषुचांडालः पशूनांचैवकुक्कुरः ॥
पापोमुनीनांचांडालः सर्वेषांचैवनिंदकः ॥ २ ॥

પક્ષિઓમાં કાગડો ચાંડાલ, પશુઓમાં કુતરો, મુનિયોમાં પાપી ચાંડાળ છે અને નિન્દક છે, તે સર્વમા ચાંડાલ છે ૨

भस्मनाशुद्धयतेकांस्यं ताम्रमम्लेनशुध्यति ॥
रजसाशुद्धयतेनारी नदीवेगेनशुध्यति ॥ ३ ॥

રાખથી કાંસાનું પાત્ર શુદ્ધ થાય છે, ત્રાંબાનો મેલ ખટાશથી જાય છે, સ્ત્રી રજસ્વલા થવાથી શુદ્ધ થાય છે અને નદી પ્રવાહથી શુદ્ધ થઈ જાય છે. ૩

भ्रमनसंपूज्यतेराजाभ्रमनसंपूज्यतेद्विजः ॥
भ्रमनसंपूज्यतेयोगीस्त्रीभ्रमंतीविनश्यति ॥ ४ ॥

ભ્રમણ કરવાથી રાજા પુજાય છે, ભ્રમણ કરવાવાળો બ્રાહ્મણ પુજાય છે, ભ્રમણ કરવાવાળો યોગી પણ પુજાય છે, પરંતુ સ્ત્રી ભ્રમણ કરવાથી ભ્રષ્ટ થઈ જાય છે ૪

यस्यार्थास्तस्यमित्राणि यस्यार्थास्तस्यबान्धवाः ॥
यस्यार्थाःसपुमांल्लोके यस्यार्थाःसचपण्डितः ॥ ५ ॥

જેની પાસે દ્રવ્ય છે તેના મિત્ર અને જે સંપત્તિવાન્ છે તેના બાન્ધવ હોય છે, જેને પાસે દ્રવ્ય છે તેજ પુરૂષ ગણાય છે, અને જે પાસે દ્રવ્ય હોય છે તેજ પંડીત ગણાય છે. ૫

तादृशीजायतेबुद्धिर्व्यवसायोऽपितादृशः ॥
सहायास्तादृशाएव यादृशीभवितव्यता ॥ ६ ॥

જેવુ થવાકાળ હોય છે તેવીજ બુદ્ધિ અને તેવાજ ઉપાય થાય છે, અને તેવાજ સાહાયક મળે છે ૬

कालःपचतिभूतानि कालःसंहरतेप्रजाः ॥
कालःसुप्तेषुजागर्ति कालोहिदुरतिक्रमः ॥ ७ ॥

પ્રાણી માત્રને કાળ ખાઈ જાય છે, અને સકળ પ્રજાનો નાશકર્તા

કાળેજ છે, પદાર્થ માત્રનો ક્ષય થઈ જતાં પણ કાળ જાગે છે, કાળને ટાળી શકનાર કોઈ પણ નથી. ૭

नपश्यतिचजन्मान्धः कामान्धोनैवपश्यति ॥
मदोन्मत्तानपश्यन्ति अर्थीदोषंनपश्यति ॥ ८ ॥

જન્માંધ જોતો નથી, કામાંધને પણ કાંઈ સુઝતું નથી, મદોન્મત્ત કોઈને જોતો નથી, અને અર્થી દોષોને જોતો નથી. ૮

स्वयंकर्मकरोत्यात्मा स्वयंतत्फलमश्नुते ॥
स्वयं भ्रमतिसंसारे स्वयंतस्माद्विमुच्यते ॥ ९ ॥

જીવ પોતેજ કર્મ કરે છે, અને તેનું ફળ પણ પોતેજ ભોગવે છે, પોતેજ સંસારમાં ભ્રમણ કરે છે, અને પોતેજ તે થકી મુક્ત થઈ જાય છે ૯

राजा राष्ट्रकृतं पापं राज्ञः पापं पुरोहितः ॥
भर्त्ताचस्त्रीकृतंपापं शिष्यपापंगुरुस्तथा ॥ १० ॥

પોતાના રાજ્યમાં થયેલા પાપને રાજા અને રાજાના પાપને પુરોહિત ભોગવે છે સ્ત્રીના કરેલાં પાપને તેનો પતિ ભોગવે છે, અને શિષ્યનાં પાપને ગુરૂ ભોગવે છે. ૧૦

ऋणकर्ता पिता शत्रुर्माता च व्यभिचारिणी ॥
भार्यारूपवतीशत्रुः पुत्रःशत्रुरपण्डितः ॥ ११ ॥

કરજ કરવાવાળો પિતા શત્રુ છે, વ્યભિચારિણી મા અને રૂપવાન્ સ્ત્રી શત્રુ છે. તેમજ અવિદ્વાન્ પુત્ર પણ શત્રુ છે ૧૧

लुब्धमर्थेनगृह्णीयात् स्तब्धमंजलिकर्मणा ॥
मूर्खंछन्दानुवृत्त्याच यथार्थत्वेनपण्डितम् ॥ १२ ॥

લોભીને દ્રવ્યથી, અહંકારીને હાથ જોડવાથી, મૂર્ખને તેના અનુસાર વર્તવાથી અને પંડિતને સત્યતાથી વશ કરવા જોઈએ. ૧૨

वरं नराज्यं नकुराजराज्यं वरं न मित्रंनकुमित्रमित्रम् ॥
वरं नशिष्योनकुशिष्यशिष्यो वरं न दारा न कुदारदाराः १३

રાજ્ય રહે નહિ એ સારૂં, પરંતુ કુરાજાનું રાજ્ય સારૂં નહિ. મિત્ર ન હોય તો સારૂં, પણ કુમિત્રને મિત્ર કરવો એ સારૂં નહિ. શિષ્ય ન હોય તો સારૂં, પરંતુ નિંદા કરવાવાળો શિષ્ય હોય તો તે શિષ્ય સારો નહિ. ભાર્યા ન હોય તો સારી, પરંતુ કુભાર્યા હોય તો તે સારી નહિ. ૧૩

कुराजराज्येनकुतःप्रजासुखं कुमित्रमित्रेण कुतोऽभिनिर्वृतिः॥
कुदारदारैश्चकुतोगृहेरतिः कुशिष्यमध्यापयतःकुतोयशः॥१४॥

દુષ્ટ રાજાના રાજ્યથી પ્રજાને સુખ શી રીતે થઈ શકે? કુમિત્રથી આનંદ શી રીતે પ્રાપ્ત થઈ શકે? દુષ્ટ સ્ત્રી સાથે ઘરમા પ્રીતિ શી રીતે થઈ શકે? અને કુશિષ્યને ભણાવનારાની કીર્ત્તિ શી રીતે થાય? અર્થાત થાયજ નહિ. ૧૪

सिंहादेकंबकादेकं शिक्षेच्चत्वारिकुक्कुटात्॥
वायसात्पंचशिक्षेच्चषट्शुनस्त्रीणिगर्दभात्॥ १५ ॥

સિંહ પાસેથી એક, બગલા પાસેથી પણ એક, કુકડા પાસેથી ચાર, કાગડા પાસેથી પાચ, કુતરા પાસેથી છ અને ગધેડા પાસેથી ત્રણ ગુણ શિખવા ઉચિત છે. ૧૫

प्रभूतंकार्यमल्पंवा यन्नरःकर्तुमिच्छति॥
सर्वारंभेणतत्कार्यं सिंहादेकंप्रचक्षते॥ १६ ॥

કાર્ય નાનુ હોય વા મોટુ હોય, પરંતુ જો તે કરવાનુજ હોય તો પછી તેનુ સર્વ પ્રકારે પ્રયત્ન કરવું ઉચિત છે, માટે સિંહ પાસેથી એક ગુણ શિખવાનુ કહેલ છે. ૧૬

इन्द्रियाणिचसंयम्य बकवत्पंडितोनरः॥
देशकालबलंज्ञात्वा सर्वकार्याणिसाधयेत्॥ १७ ॥

વિદ્વાન્ પુરૂષોએ ઇન્દ્રિયોનો સંયમ કરવો, દેશ, કાળ, અને બળને સમજીને બગલાના સમાન સર્વ કાર્ય સાધી લેવાં. ૧૭

प्रत्युत्थानंचयुद्धंच संविभागंचबन्धुषु॥
स्वयमाक्रम्य भोगंच शिक्षेच्चत्वारिकुक्कुटात्॥ १८ ॥

ઉચિત્ સમયે જાગવું, રણ-યુદ્ધમાં તત્પર રહેવું, બન્ધુઓને તેનો ભાગ દેવો, અને પોતે આક્રમણ કરીને ભોજન કરવું, આ ચાર વાતો કુકડા પાસેથી શિખવી. ૧૮

गूढंमैथुनचारित्वं कालेकालेचसंग्रहम् ॥

अप्रमत्तमविश्वासं पंचशिक्षेच्चवायसात् ॥ १९ ॥

મૈથુન ગુપ્તપણે કરવુ, સમયે સમયે સંગ્રહ કરવા, સાવધાન રહેવું અને કોઇનો પણ વિશ્વાસ ન કરવો એ પાંચે બાબત કાગડા પાસેથી શિખવી.૧૯

बह्वाशीस्वल्पसंतुष्टः सुनिद्रोलघुचेतनः ॥

स्वामिभक्तश्चशूरश्चषडेतेश्वानतोगुणाः ॥ २० ॥

ઘણુ ખાવાની શક્તિ છતાં થોડાથીજ સંતુષ્ટ રહેવુ, ગાઢ નિદ્રા છતાં તુરત જાગૃત થવુ, સ્વામીની ભક્તિ અને શૂરતા આ છ ગુણ કુતરા પાસેથી શિખવા. ૨૦

सुश्रांतोऽपिवहेद्भारं शीतोष्णंनचपश्यति ॥

संतुष्टश्चरतेनित्यं त्रीणिशिक्षेच्चगर्दभात् ॥ २१ ॥

અત્યંત થાકી જતાં પણ બોજો ઉપાડી જવો, શીતોષ્ણુપર દૃષ્ટિ ન કરવી, અને સદા સંતુષ્ટ થઇને વિચરવુ, એ ત્રણ વાત ગધેડા પાસેથી શિખવી જોઇએ. ૨૧

यएतान्विंशतिगुणानाचरिष्यतिमानवः ॥

कार्यावस्थासुसर्वासु अजेयःसभविष्यति ॥ २२ ॥

જે નર આ વીશ ગુણોને ધારણ કરે છે, તે સદા સર્વ કાર્યોમાં વિજય પામે છે. ૨૨

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्ज्जर भाषांतरे षष्ठोऽध्यायः ॥ ६ ॥

अर्थनाशंमनस्तापं गृहिणीचरितानिच ॥

नीचवाक्यंचापमानं मतिमान्नप्रकाशयेत् ॥ १ ॥

ધનનો નાશ, મનનો તાપ, સ્ત્રીનું ચરિત્ર, નીચનું વચન અને અપમાન, તેને બુદ્ધિમાનો પ્રકટ કરતા નથી. ૧

धनधान्यप्रयोगेषु विद्यासंग्रहणेषु च ॥

आहारेव्यवहारेच त्यक्तलज्जःसुखीभवेत् ॥ २ ॥

અન્ન અને ધનના વ્યાપારમાં, વિદ્યાનો સંગ્રહ કરવામાં અને આહાર તથા વ્યવહારમાં જે પુરૂષ લાજનો પરિત્યાગ કરેછે, તે સુખી થાય છે ૨

संतोषामृततृप्तानां यत्सुखंशांतिरेवच ॥

नचतद्धनलुब्धानामितश्चेतश्चधावताम् ॥ ३ ॥

સંતોષરૂપી અમૃતથી જે લોકો તૃપ્ત થાય છે, તેને જે શાન્તિ સુખ થાય છે, તેવું સુખ ધનને માટે જે આમતેમ દોડાદોડ કરે છે તેને થતુ નથી. ૩

संतोषस्त्रिषुकर्तव्यः स्वदारेभोजनेधने ॥

त्रिषुचैवनकर्तव्योऽध्ययनेजपदानयोः ॥ ४ ॥

પોતાની સ્ત્રી, ભોજન અને ધન એ ત્રણમાં સંતોષ રાખવો જોઈએ, પરંતુ ભણવું, જપ અને દાનમાં કદિ પણ સંતોષ કરવો નહિ. ૪

विप्रयोर्विप्रवह्न्योश्च दंपत्योःस्वामिभृत्ययोः ॥

अन्तरेणनगंतव्यं हलस्यवृषभस्यच ॥ ५ ॥

બે બ્રાહ્મણ, બ્રાહ્મણ અને અગ્નિ, સ્ત્રી–પુરૂષ, શેઠ અને નોકર અને હળ તથા બળદ તેઓના મધ્યમાં થઈને કદિ જવુ નહિ. ૫

पादाभ्यांनस्पृशेदग्निं गुरुंब्राह्मणमेवच ॥

नैवगांनकुमारींच नवृद्धंनशिशुंतथा ॥ ६ ॥

અગ્નિ, ગુરૂ અને બ્રાહ્મણ એને પગથી કદિ પણ સ્પર્શ કરવો નહિ, તે પ્રમાણેજ ગાય, કન્યા, વૃદ્ધ અને બાળકને પણ પગથી અડવું નહિ. ૬

शकटंपचहस्तेन दशहस्तेनवाजिनम् ॥

हस्तीहस्तसहस्रेण देशत्यागेनदुर्जनः ॥ ७ ॥

ગાડીને પાંચ હાથ, ઘોડાને દશ હાથ, હાથીને હજાર હાથ અને દુર્જનને દેશ ત્યાગીને પણ છોડી દેવો; અર્થાત્ તેનાથી દૂરજ રહેવું. ૭

हस्ती अंकुशमात्रेण वाजी हस्तेनताडयते ॥
शृंगीलगुडहस्तेन खड्गहस्तेन दुर्जनः ॥ ८ ॥

હાથીને અંકુશથી, ઘોડાને હાથથી, શિંગડાંવાળાં પ્રાણીને લાકડીથી અને દુર્જન તલવારયુક્ત હાથથી દંડ પામે છે. ૮

तुष्यन्ति भोजने विप्रा मयूरा घनगर्जिते ॥
साधवःपरसंपत्तौ खलाः परविपत्तिषु ॥ ९ ॥

ભોજન વખતે બ્રાહ્મણ, વરસાદની ગર્જના થતાં મયૂર, અન્યને સમ્પત્તિ મળતાં સાધુ અને બીજાને વિપત્તિ થતાં દુર્જન સંતોષ પામે છે. ૯

अनुलोमेनबलिनं प्रतिलोमेनदुर्जनम् ॥
आत्मतुल्यबलंशत्रुं विनयेनबलेनवा ॥ १० ॥

બળવાન્ શત્રુને તેના અનુકૂળ વ્યવહાર કરવાથી, અને જો તે દુર્જન હોય તો તેનો પ્રતિકૂળતાથી નાશ કરવો, અને બળમાં પોતાના સમાન શત્રુને વિનયથી અથવા બળથી જીતવો. ૧૦

बाहुवीर्यबलंराज्ञो ब्राह्मणोब्रह्मविद्बली ॥
रूपयौवनमाधुर्यं स्त्रीणांबलमनुत्तमम् ॥ ११ ॥

રાજાનું બળ હાથનું પરાક્રમ છે, બ્રાહ્મણનું બળ વેદ છે, અને સ્ત્રિયોને સુન્દરતા, તરૂણતા અને મધુરતા અતિ ઉત્તમ બળ છે. ૧૧

नात्यन्तंसरलैर्भाव्यंगत्वापश्यवनस्थलीम् ॥
छिद्यंतेसरलास्तत्रकुब्जास्तिष्ठंतिपादपाः ॥ १२ ॥

વનમાં જઇને જુવો કે, સીધાં ઝાડ કપાઈ જાય છે અને વાંકાં ઝાડ ઉભાં રહે છે, માટે અત્યંત સરળ સ્વભાવ પણ ન રાખવો જોઇયે. ૧૨

यत्रोदकंतत्रवसन्तिहंसास्तथैवशुष्कंपरिवर्जयन्ति ॥
नहंसतुल्येननरेणभाव्यं पुनस्त्यजंतः पुनराश्रयन्तः ॥१३॥

જ્યાં જળ છે, ત્યાંજ હંસ રહે છે, અને સુકાઈ ગયલાં સરોવરનો ત્યાગ કરી દેછે, નરે હંસના સમાન ન રહેવું જોઇયે કે, વારંવાર છોડી આપે અને વારંવાર આશ્રય લે. ૧૩

उपार्जितानांवित्तानां त्यागएवहिरक्षणम् ॥
तडागोदरसंस्थानां परिस्रवइवांभसाम् ॥ १४ ॥

જેમ તળાવના અંદરનુ પાણી નિકાસ પામે છે, તેમ ઉપાર્જન કરેલાં દ્રવ્યનો વ્યય કરવો એજ રક્ષા છે. ૧૪

यस्यार्थस्तस्यमित्राणियस्यार्थस्तस्यबांधवाः ॥
यस्यार्थःसपुमाँल्लोके यस्यार्थःसचजीवति ॥ १५ ॥

જેની પાસે ધન રહે છે, તેના મિત્ર થાય છે, જેની પાસે ધન છે તેના બન્ધુ થાય છે. જે પાસે ધન છે, તેનીજ પુરૂષમા ગણના છે, અને જે પાસે ધન છે તેજ જીવતો છે ૧૫

स्वर्गस्थितानामिहजीवलोके चत्वारिचिन्हानिवसंतिदेहे ॥
दानप्रसंगोमधुराचवाणी देवार्चनंब्राह्मणतर्पणंच ॥ १६ ॥

સસારમા આવ્યા છતા પણ સ્વર્ગ ગ્યાવિના શરીરમા ચાર ચિન્હ તો હોય છે, દાનનો સ્વભાવ, મધુર વચન, દેવપૂજન અને બ્રાહ્મણોને તૃપ્ત કરવા, અર્થાત્ જે મનુષ્યમા દાન-આદિ લક્ષણ છે, તે પુણ્યના પ્રભાવથી સ્વર્ગવાસી મૃત્યુલોકમા અવતાર લઇને આવેલ છે, એમ સમજવુ ૧૬

अत्यन्तकोपः कटुका च वाणी दरिद्रताचस्वजनेषु वैरम् ॥
नीचप्रसंगःकुलहीनसेवा चिन्हानि देहे नरकस्थितानाम् ॥१७

અત્યત ક્રોધ, કઠોર વચન, દરિદ્રતા, પોતાના મનુષ્યોમાં વેર, નીચનો સંગ અને કુળહીનની સેવા, એ ચિન્હ તો નરકવાસિયોના દેહમાં હોય છે. ૧૭

गम्यते यदि मृगेन्द्रमंदिरं लभ्यते करिकपोलमौक्तिकम् ॥
जंबुकालयगते च प्राप्यते वत्सपुच्छखरचर्मखण्डनम् ॥१८॥

જો કોઈ કદાચ સિહની ગુફામાં જઈ પડે તો તેને હાથીનાં ગંડસ્થળનાં મોતી મળે છે, અને જો શિયાળની બખોલમા જાય, તો વાછડાનાં પુછડાં અને ચામડાનો કટકો મળે છે. ૧૮

शुनःपुच्छमिव व्यर्थं जीवितं विद्ययाविना ॥
न गुह्यगोपने शक्तं न च दंशनिवारणे ॥ १९ ॥

કુતરાની પુછડીની પેઠે વિદ્યા વગરનું જીવવું વ્યર્થ છે, કારણ કે કુતરાની પુછડી ગુહ્યસ્થાનને ઢાંકી શકતી નથી, તેમજ મચ્છર આદિ જીવોને ઉડાડી પણ શકતી નથી. ૧૯

वाचां शौचं च मनसः शौचमिन्द्रियनिग्रहः ॥

सर्वभूतदयाशौचमेतच्छौचंपरार्थिनाम् ॥ २० ॥

વચનની શુદ્ધિ, મનની શુદ્ધિ, ઇન્દ્રિયોનો સંયમ, સર્વ જીવો ઉપર દયા અને પવિત્રતા એ પરાર્થીઓની શુદ્ધિ છે. ૨૦.

पुष्पे गंधं तिले तैलं काष्ठे वह्निं पये घृतम् ॥

इक्षौ गुडंतथा देहेपश्यात्मानंविवेकतः ॥ २१ ॥

પુષ્પના ગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્ની, દુધમાં ઘી, અને શેરડીમા ગોળ, જેમ જુવાછો, તેમજ દેહના આત્માને વિચાર પુર્વક જુવો. ૨૧.

इति श्री वृद्ध चाणाक्य व्यास कल्याणजी कृत गुर्जर भाषा टीकायां सप्तमोऽध्यायः ॥ ७ ॥

अधमा धनमिच्छन्ति धनं मानं च मध्यमाः ॥

उत्तमामानमिच्छन्तिमानोहिमहतांधनम् ॥ १ ॥

અધમ ધનનેજ ચાહે છે, મધ્યમ ધન અને માન અને ઉત્તમ માનનેજ ઇચ્છે છે, કારણ કે મહાત્માઓનું ધન માનજ છે. ૧

इक्षुरापःपयोमूलं ताम्बूलंफलमौषधम् ॥

भक्षयित्वापिकर्तव्याःस्नानदानादिकाःक्रियाः ॥ २ ॥

શેરડી, જળ, દુધ, મૂળ, પાન, ફળ અને ઔષધ એ ખાધા છતાં પણ સ્નાન અને દાન-આદી ક્રિયા કરવીજ જોઇએ. ૨

दीपो भक्षयते ध्वांतं कज्जलं च प्रसूयते ॥

यदन्नंभक्ष्यते नित्यं जायते तादृशी प्रजा ॥ ३ ॥

દીપ અન્ધકારનો નાશ કરે છે, અને કાજળને જન્મ આપે છે, માટે જે જેવું અનાજ નિત્ય ખાય છે, તેને તેવીજ સંતતિ પણ થાય છે. ૩

वित्तंदेहिगुणान्वितेषुमतिमन्नान्यत्रदेहिक्वचित्

प्राप्तंवारिनिधेर्जलंघनमुखेमाधुर्ययुक्तंसदा ॥

जीवन्स्थावरजंगमांश्चसकलान्संजीव्यभूमंडलं
भूयःपश्यतिदेवकोटिगुणितंगच्छेत्तमंभोनिधिं ॥ ४ ॥

હે મતિમાન્! ગુણિઓને ધન આપો, અન્યને કદિ પણ ન આપો, જુઓ કે, સમુદ્રમાંથી મેઘના મુખમાં પ્રાપ્ત થઇને જળ સદા મધુર થઈ જાય છે, અને પૃથિવીપરના ચરાચર સર્વે જીવોના જીવનને જાળવીને તેજ જળ કરોડોગણું થઇને તેજ સમુદ્રમા પાછુ ચાલ્યુ જાય છે. ૪

चांडालानां सहस्रैश्च सूरिभिस्तत्त्वदर्शिभिः ॥
एकोहियवनःप्रोक्तो ननीचोयवनात्परः ॥ ५ ॥

તત્ત્વદર્શી લોકો કથી ગયા છે કે, હજાર ચાડાળના સદૃશ એક યવન હોય છે, યવનથી નીચ બીજો કોઈ પણ નથી ૫

तैलाभ्यंगे चिताधूमे मैथुने क्षौरकर्मणि ॥
तावद्भवतिचांडालो यावत्स्नानंनचाचरेत् ॥ ६ ॥

તેલ મર્દન કરવાથી, ચિતાનો ધુમાડો લાગવાથી, સ્ત્રી પ્રસગ કરવાથી અને હજામત કરાવવાથી જ્યાં સુધી નાહ્યો નથી, ત્યાં સુધી તે ચાંડાળજ છે. ૬

अजीर्णे भेषजं वारि जीर्णे वारि बलप्रदम् ॥
भोजनेचामृतं वारिभोजनांतेविषप्रदम् ॥ ७ ॥

અજીર્ણનુ ઔષધ જળ છે, પચી ગયા પછી જળ બળ આપનાર છે, ભોજન સમયે જળ અમૃત સમાન છે અને ભોજના અન્તમા જળ વિષનુ ફળ આપે છે ૭

हतंज्ञानंक्रियाहीनं हतश्चाज्ञानतोनरः ॥
हतंनिर्नायकंसैन्यं स्त्रियोनष्टाह्यभर्तृकाः ॥ ८ ॥

ક્રિયા વગરનુ જ્ઞાન વ્યર્થ છે, અજ્ઞાનથી નર માર્યો જાય છે, સેનાપતિ વગર સેના મારી જાય છે અને પતિ વગરની સ્ત્રી નષ્ટ થઈ જાય છે ૮

वृद्धकाले मृताभार्या बंधुहस्तगतं धनम् ॥
भोजनंचपराधीनंतिस्रः पुंसांविडम्बनाः ॥ ९ ॥

વૃદ્ધાવસ્થામાં સ્ત્રીનું મરણ, બન્ધુઓના હાથમાં ગયેલું દ્રવ્ય, અને અન્યના આધીન ભોજન એ ત્રણે પુરૂષને દુ ખદાયક છે ૯

अग्निहोत्रंविनावेदा नचदानं विनाक्रिया ॥
नभावेनविनासिद्धिस्तस्माद्भावोहिकारणम् ॥ १० ॥

અગ્નિહોત્ર વગર વેદનું ભણવું વ્યર્થ છે, દાન વગર યજ્ઞાદિ ક્રિયા થતી નથી અને ભાવ વગર સિદ્ધિ થતી નથી, સર્વમાં ભાવજ મુખ્ય કારણ છે. ૧૦

काष्ठपाषाणधातूनां कृत्वाभावेनसेवनम् ॥
श्रद्धयाचतथासिद्धिस्तस्याविष्णोःप्रमादतः ॥ ११ ॥

લાકડાની, પત્થરની અને ધાતુની મૂર્તિનું ભાવથીજ સેવન કરવું; કારણ કે શ્રદ્ધાથી વિષ્ણુની કૃપાવડે તેને અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૧

नदेवोविद्यतेकाष्ठे नपाषाणेनमृन्मये ॥
भावेहिविद्यतेदेवस्तस्माद्भावोहिकारणम् ॥ १२ ॥

દેવતા કાષ્ઠમાં નથી, પાષાણમાં નથી અને માટીની મૂર્તિમાં પણ નથી; પરંતુ દેવતા નિશ્ચયપૂર્વક ભાવમાંજ છે, માટે ભાવજ સર્વનું કારણ છે. ૧૨

शांतितुल्यंतपोनास्ति नसंतोषात्परंसुखम् ॥
नतृष्णायाःपरोव्याधिर्नचधर्मोदयापरः ॥ १३ ॥

શાંતિના સમાન બીજું એકે તપ નથી, સંતોષથી પર બીજું એકે સુખ નથી, તૃષ્ણા કરતાં અધિક કોઈ બીજો વ્યાધી નથી, અને દયા કરતાં વિશેષ ધર્મ બીજો એકે નથી ૧૩

क्रोधो वैवस्वतो राजा तृष्णा वैतरणी नदी ॥
विद्याकामदुघाधेनुःसंतोषोनन्दनंवनम् ॥ १४ ॥

ક્રોધ યમરાજ છે, તૃષ્ણા વૈતરણી નદી છે, વિદ્યા કામધેનુ છે અને સંતોષ ઇન્દ્રનો બગીચો નંદનવન છે ૧૪

गुणो भूषयते रूपं शीलं भूषयते कुलम् ॥
सिद्धिर्भूषयतेविद्यां भोगोभूषयतेधनम् ॥ १५ ॥

ગુણ રૂપને શોભા આપે છે, શીળ કુળને અલંકૃત કરે છે, સિદ્ધિ વિદ્યાને શોભાવે છે અને ભોગ ધનને શોભાવે છે. ૧૫

निर्गुणस्य हतं रूपं दुःशीलस्य हतं कुलम् ॥
असिद्धस्यहताविद्या अभोगेनहतंनधम् ॥ १६ ॥

નિર્ગુણની સુન્દરતાજ વ્યર્થ છે, શીળ વગરનાનું કુળ નિન્દનીય છે, સિદ્ધિ વગર વિદ્યા નકામી છે, અને ભોગ વગર દ્રવ્ય નકામુ છે. ૧૬

शुद्धं भूमिगतं तोयं शुद्धा नारी पतिव्रता ॥
शुचिःक्षेमकरोराजा संतुष्टोब्राह्मणःशुचिः ॥ १७ ॥

પૃથિવી ઉપર પ્રવાહમાં ચાલતુ જળ પવિત્ર છે, પતિવ્રતા સ્ત્રી પવિત્ર છે, કલ્યાણ કરવાવાળો રાજા પવિત્ર છે અને બ્રાહ્મણ સંતોષી હોય તે પવિત્ર–શુદ્ધ છે ૧૭

असन्तुष्टाद्विजानष्टाः संतुष्टाश्चमहीभृतः ॥
सलज्जागणिकानष्टा निर्लज्जाश्चकुलांगनाः ॥ १८ ॥

અસંતોષી બ્રાહ્મણ નિન્દનીય છે, સંતોષી રાજા, લજ્જાયુક્ત વેશ્યા, અને લાજ વગરની કુલાંગના એ નિન્દનીય છે ૧૮

किंकुलेनविशालेन विद्याहीनेनदेहिनाम् ॥
दुष्कुलंचापिविदुषो देवैरपिसुपूज्यते ॥ १९ ॥

વિદ્યા વગરના પુરૂષને ઉત્તમ કુળથી શુ લાભ છે ? અને વિદ્વાનનુ નીચ કુળ પણ દેવતાઓથી પુજનીય છે ૧૯

विद्वान्प्रशस्यतेलोके विद्वान्सर्वत्रगौरवम ॥
विद्ययालभतेसर्वं विद्यासर्वत्रपूज्यते ॥ २० ॥

સંસારમાં વિદ્વાનજ પ્રશંસા પામે છે, વિદ્વાનજ સર્વત્ર આદર પામે છે, વિદ્યાથીજ સર્વ કાંઇ મળે છે અને વિદ્યાજ સર્વત્ર પૂજાય છે. ૨૦

रूपयौवनसंपन्ना विशालकुलसंभवाः ॥
विद्याहीना न शोभंते निर्गंधाइव किंशुकाः ॥ २१ ॥

સુંદર તરૂણતાયુક્ત મોટા કુળમાં જન્મ છતાં પણ વિદ્યાહીન પુરૂષ જેમ ગંધ વગરનાં ખાખરાના પુષ્પ શોભા આપતાં નથી, તેમ શોભા પામતો નથી. ૨૧

मांसभक्षैःसुरापानैर्मूर्खैश्चाक्षरवर्जितैः ॥
पशुभिःपुरुषाकारैर्भाराक्रांतास्तिमेदिनी ॥ २२ ॥

માંસાહારી, મધુપાન કરનારા, નિરક્ષર અને મૂર્ખ એ પુરૂષાકાર પશુઓના ભારથી પૃથિવી પીડા પામે છે ૨૨

अन्नहीनो दहेद्राष्ट्रं मंत्रहीनश्च ऋत्विजः ॥
यजमानंदानहीनो नास्तियज्ञसमोरिपुः ॥ २३ ॥

યજ્ઞ આદિ અન્નહીન હોય તો દેશને, મંત્રહીન હોય તો ઋત્વિજોને અને દાનહીન હોય તો યજમાનને બાળે છે એ માટે યજ્ઞના સમાન કોઇ પણ શત્રુ નથી ૨૩

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे अष्टमोऽध्यायः ॥ ८ ॥

मुक्तिमिच्छसि चेत्तात विषयान्विषवत्त्यज ॥
क्षमार्ज्जवदयाशौचं सत्यंपीयूषवत्पिब ॥ १ ॥

હે ભાઈ ! જો મુક્તિની ઇચ્છા કરતો હો તો વિષયોના વિષના સમાન ત્યાગ કરી દે, અને સહનશીલતા, સરળતા, દયા પવિત્રતા અને સત્યતાનુ અમૃતના સમાન પાન કર ૧

परस्परस्य मर्माणि ये भाषंते नराधमाः ॥
तएवविलयं यांति वल्मीकोदरसर्पवत् ॥ २ ॥

જે નરાધમ પરસ્પર અંતરાત્માને દુઃખદાયક વચનનુ ભાષણ કરે છે તે જેમ વલ્મીકમાં પડીને સાપ મરી જાય છે, તેમ નિશ્ચયપૂર્વક નષ્ટ થઈ જાય છે ૨

गंधः सुवर्णे फलमिक्षुदंडे नाकारि पुष्पं खलुचंदनस्य ॥
विद्वान् धनी भूपति दीर्घजीवीधातुःपुराकोऽपिनबुद्धिदोऽभूत् ३

વિધાતાએ સુવર્ણમા ગન્ધ, શેરડીમાં ફળ, ચન્દનમાં પુષ્પ અને, વિદ્વાન્ દ્રવ્યવાન્ તથા રાજાને ચિરંજીવી ન કર્યા, તેનું કારણ, એજ છે કે વિધાતાને પ્રથમ કોઈ બુદ્ધિ આપનાર ન હતું. ૩

सर्वौषधीनाममृता प्रधाना सर्वेषु सौख्ये ष्वशनं प्रधानम् ॥
सर्वेंद्रियाणां नयनं प्रधानं सर्वेषु गात्रेषु शिरः प्रधानम् ॥४॥

સર્વે ઔષધીયોમાં ગળો પ્રધાન છે, સર્વે સુખોમાં ભોજન શ્રેષ્ટ છે, સર્વે ઇન્દ્રિયોમાં આંખ ઉત્તમ છે અને સર્વે અંગોમાં શિર શ્રેષ્ટ છે. ૪

दूतो न संचरति खे न चलेच्च वार्ता ।
पूर्वं न जल्पितमिदं न च संगमोऽस्ति ॥
व्योम्नि स्थितं रविशशिग्रहणं प्रशस्तं ।
जानाति यो द्विजवरः स कथं न विद्वान् ॥ ५ ॥

આકાશમા દૂત જઈ શકતો નથી, વાર્તાની ચર્ચા થઈ શકતી નથી, કોઇએ પ્રથમથી કાંઈ ગણ્યુ નથી, અને કોઈ સાથે પણ કાંઈ લઈ જઈ શકતું નથી, એવી દશામા આકાશમા સ્થિત જે સૂર્ય ચન્દ્રનાં ગ્રહણ તેને જે દ્વિજવર સ્પષ્ટ જાણી શકે તે કેમ વિદ્વાન નથી ? ૫

विद्यार्थी सेवकः पांथः क्षुधार्तो भयकातरः ॥
भांडारी प्रतिहारश्च सप्त सुप्तान् प्रबोधयेत् ॥ ६ ॥

વિદ્યાર્થી, સેવક, વટેમાર્ગુ, ભૂખથી પીડિત, ભયથી કાયર, ભંડારી અને દ્વારપાળ જે એ સાત સૂતા હોય, તો તેને જગાડવા જોઇએ. ૬

अहिं नृपं च शार्दूलं किटिं च बालकं तथा ॥
परश्वानं च मूर्खं च सप्त सुप्तान्न बोधयेत् ॥ ७ ॥

સર્પ, રાજા, વાઘ, કીડી, બાળક, અન્યનો કુતરો અને મૂર્ખ એ જો સાત સૂતા હોય, તો તેને જગાડવાજ નહિ ૭

अर्थाधीताश्च यैर्वेदास्तथा शूद्रान्नभोजिनः ॥
ते द्विजाः किं करिष्यंति निर्विषा इव पन्नगाः ॥ ८ ॥

જે દ્રવ્યાર્થ વેદને ભણેલ છે, તેમજ શૂદ્રાન્ન લીયે છે, તેવો બ્રાહ્મણ વિષ વગરના સર્પના સદૃશ શું કરી શકે તેમ છે? અર્થાત્ કાંઇપણ નહિ. ૮

यस्मिन् रुष्टे भयं नास्ति तुष्टे नैव धनागमः ॥
निग्रहानुग्रहो नास्ति स रुष्टः किं करिष्यति ॥ ९ ॥

જેના ક્રોધથી ભય થતો નથી, પ્રસન્ન થતાં ધનનો લાભ નથી, થતો તેમજ દંડ કે કૃપા કરી શકતો નથી, તો તે રૂષ્ટ થઇને શું કરી શકે તેમ છે.૯

निर्विषेणापि सर्पेण कर्तव्या महती फणा ॥
विषमस्तु न चाप्यस्तु घटाटोपो भयंकरः ॥ १० ॥

વિષહીન સર્પે પણ પોતાની ફણા વધારવી જોઇએ. કારણ કે ઝેર હોય અથવા ન હોય તોપણ આડમ્બર ભયજનક હોય છે. ૧૦

प्रातर्द्यूतप्रसंगेन मध्याह्ने स्त्रीप्रसंगतः ॥
रात्रौ चौरप्रसंगेन कालो गच्छति धीमताम् ॥ ११ ॥

પ્રભાતે જુગારીઓની કથાથી અર્થાત મહાભારતથી, મધ્યાહ્ને સ્ત્રીના પ્રસંગથી અર્થાત્ રામાયણથી, રાત્રિમાં ચોરની વાર્તાથી અર્થાત્ ભાગવતથી બુદ્ધિમાનોના સમય વ્યતિત થાય છે. તાત્પર્ય એ છે કે, મહાભારત સાંભળવાથી એ નિશ્ચય થઇ જાય છે કે જુગાર કલહ અને છળનું ઘર છે. આ લોક અને પરલોકમાં ઉપકાર કરવાવાળા કામોને મહાભારતમાં લખેલી રીત પ્રમાણે કરીને તે કામોનું પાકું ફળ થાય છે, એ માટે બુદ્ધિમાન્ લોકો પ્રાતઃકાળમાંજ મહાભારતને સાંભળે છે, કે જેથી આખો દિવસ તે પ્રમાણે કામ કરવામાં જાય રામાયણના શ્રવણથી સ્પષ્ટ ઉદાહરણ એ મળે છે કે, સ્ત્રીના વશ્ય થઇ જવાથી અત્યંત દુઃખ થાય છે, અને પરસ્ત્રીપર દૃષ્ટિ કરવાથી પુત્ર અને કલત્ર—આદિ જડમૂળથી નાશ પામે છે. એ કારણથી મધ્યાહ્ન સમય બુદ્ધિમાન્ લોકો રામાયણ સાંભળે છે, કારણ કે ઘણું કરીને રાત્રે મનુષ્યો ઇન્દ્રિયોને વશ્ય થઇ જાય છે, અને ઇન્દ્રિયોનો એ સ્વભાવ છે કે, મનને પોતપોતાના વિષયોમાં લગાડીને જીવને વિષયોમાં લગાડી દે છે એ કારણથી ઇન્દ્રિયોને આત્માપહારી પણ કહે છે, અને જે લોકો રાત્રે ભાગવત સાંભળે છે, તે શ્રીકૃષ્ણચન્દ્રનાં ચરિત્રનું સ્મરણ કરીને ઇન્દ્રિયોને વશ્ય થતા નથી, કેમકે સોળહજાર એકસોને આઠ સ્ત્રીઓ છતાં પણ શ્રીકૃષ્ણ ઇન્દ્રિયોને વશ થયા ન હતા, અને ઇન્દ્રિયોના સંયમની રીતિ પણ જાણી જાય છે. ૧૧

स्वहस्तग्रथितामाला स्वहस्तघृष्टचन्दनम् ॥
स्वहस्तलिखितंस्तोत्रं शक्रस्यापिश्रियंहरेत् ॥ १२ ॥

પોતાના હાથથી ગુંથેલી માળા, પોતાના હાથથી ઘસેલું ચંદન અને પોતાના હાથથી લખેલું સ્તોત્ર ઇન્દ્રની લક્ષ્મીને પણ હરી લે છે. ૧૨

इक्षुर्दंडास्तिलाः शूद्राः कांता हेम च मेदिनी ॥
चंदनं दधि तांबूलं मर्दनं गुणवर्द्धनम् ॥ १३ ॥

શેરડી, તલ, શૂદ્ર, કાંતા, સુવર્ણ, પૃથિવી, ચન્દન, દહી અને પાન એનુ મર્દન ગુણને વધારનારૂં છે. ૧૩

दरिद्रता धीरतया विराजते कुवस्त्रता शुभ्रतया विराजते ॥
कदन्नता चोष्णतया विराजते कुरूपता शीलयुता विराजते॥१४॥

દરિદ્રતા પણ ધીરતાથી શોભે છે, સ્વચ્છતાથી કુવસ્ત્ર પણ સુંદર જણાય છે, કુઅન્ન પણ ઉષ્ણતાથી મધુર લાગે છે અને કુરૂપતા છતાં પણ જો સુશીલ હોય, તો તે શોભા આપે છે. ૧૪

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर
भाषांतरे नवमोऽध्यायः ॥ ९ ॥

॥ अथ वृद्धचाणक्योत्तरार्द्धम् ॥

धनहीनो न हीनश्च धनिकः स सुनिश्चयः ॥
विद्यारत्नेन यो हीनः सहीनः सर्ववस्तुषु ॥ १ ॥

ધન વગરનો હીન ગણાતો નથી, પરતુ તે ધનવાનજ છે, પરંતુ જે વિદ્યારત્ન વગરનો છે, તેજ સર્વ વસ્તુઓમા હીન છે ૧

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिवेज्जलम् ॥
शास्त्रपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् ॥ २ ॥

આંખથી બરાબર જોઇને પગ મૂકવો જોઇયે. વસ્ત્રથી ગાળીને જળ પીવું જોઇએ, શાસ્ત્રથી શુદ્ધ કરીને વાક્ય બોલવુ, અને મનથી વિચારીને પવિત્ર કામ કરવું જોઇએ. ૨

सुखार्थीचेत्त्यजेद्विद्यां विद्यार्थीचेत्त्यजेत्सुखम् ॥
सुखार्थिनःकुतोविद्या सुखंविद्यार्थिनःकुतः ॥ ३ ॥

જો સુખની ઇચ્છા હોય તો વિદ્યાને છોડી દેવી અને જો વિદ્યાની આકાંક્ષા હોય તો સુખનો ત્યાગ કરવો, સુખાર્થીને વિદ્યા શી રીતે પ્રાપ્ત થાય? અને વિદ્યાર્થીને સુખ શી રીતે થાય? ૩

कवयःकिंनपश्यंति किंनकुर्वंतियोषितः ॥

मद्यपाःकिंनजल्पंति किंनखादंतिवायसाः ॥ ४ ॥

કવિ શું જોઈ શકતા નથી? સ્ત્રી શું કરી શકતી નથી? દારૂ પીનાર શું બકતો નથી? અને કાગડા શું નથી ખાતા? અર્થાત્ બધું ખાય છે ૪

रंकं करोति राजानं राजानं रंकमेव च ॥

धनिनं निर्धनं चैव निर्धनं धनिनं विधिः ॥ ५ ॥

વિધિ નિશ્ચયપૂર્વક રંકને રાજા, રાજાને રંક, ધનવાનને નિર્ધન અને નિર્ધનને પણ ધનવાન્ કરી શકે છે. ૫

लुब्धानांयाचकः शत्रुर्मूर्खाणांबोधकोरिपुः ॥

जारस्त्रीणांपतिःशत्रुश्चौराणांचन्द्रमारिपुः ॥ ६ ॥

લોભીઓનો શત્રુ યાચક છે, મૂર્ખોને સમજાવનાર શત્રુ છે, વ્યભિચારિણી સ્ત્રીનો પતિ શત્રુ છે અને ચોર લોકોનો શત્રુ ચન્દ્રમા છે. ૬

येषांनविद्यानतपोनदानं नचापिशीलं न गुणोनधर्मः ॥

ते मृत्युलोकेभुविभार भूता मनुष्यरूपेणमृगाश्चरन्ति ॥ ७ ॥

જેને વિદ્યા નથી, તપ નથી, દાન નથી, શીળ નથી, ગુણ નથી અને ધર્મ પણ નથી, તે સંસારમાં પૃથ્વી ઉપર ભારરૂપ થઇને મનુષ્ય રૂપે મૃગ ફરી રહેલા છે. ૭

अंतःसारविहीनानामुपदेशो न जायते ॥

मलयाचलसंसर्गान्न वेणुश्चंदनायते ॥ ८ ॥

ગંભીરતા વગરના પુરૂષોને શિખામણ આપવી સાર્થક નથી. મલયાચળના સંગથી વાંસ ચન્દન થઈ શકતો નથી. ૮

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ॥

लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ॥ ९ ॥

જેને સ્વાભાવિક બુદ્ધિ નથી, તેને શાસ્ત્ર શું કરી શકે તેમ છે? આંખ વગરનાને દર્પણ શું કામ આવે તેમ છે? અર્થાત્ કાંઈ પણ નહિ. ૯

दुर्जनं सज्जनं कर्तुमुपायो न हि भूतले ॥
अपानं शतधा धौतं न श्रेष्ठमिन्द्रियं भवेत् ॥ १० ॥

દુર્જનને સજ્જન કરવાને માટે પૃથિવીતળમા એક પણ ઉપાય નથી, મળ ત્યાગ કરવાવાળી ઇન્દ્રિય-ગુદા સો વાર ધોવામાં આવે, તોપણ તે શ્રેષ્ઠ ઇન્દ્રિય થતી નથી. ૧૦

आप्तद्वेषाद्भवेन्मृत्युः परद्वेषाद्धनक्षयः ॥
राजद्वेषाद्भवेन्नाशो ब्रह्मद्वेषात्कुलक्षयः ॥ ११ ॥

મોટા સાથે દ્વેષ કરવાથી મરણ થાય છે, શત્રુ સાથે વિરોધ કરવાથી ધનનો ક્ષય થાય છે. રાજા સાથે દ્વેષ કરવાથી નાશ થાય છે અને બ્રાહ્મણના દ્વેષથી કુળનો નાશ થઈ જાય છે. ૧૧

वरं वने व्याघ्रगजेन्द्रसेविते द्रुमालये पत्रफलांबुसेवनम् ॥
तृणेषु शय्या शतजीर्णवल्कलं न बंधुमध्ये धनहीनजीवनम् ॥ १२ ॥

વનમા વાઘ અને મોટા મોટા હાથીઓથી સેવાતાં વૃક્ષની નિચેનાં પાનડાં અથવા ફળ ખાવા અથવા જળ પીવુ, ઘાસ ઉપર શયન કરવુ, ... કટકાવાળાં વલ્કલ વસ્ત્રો પહેરવા એ ઉત્તમ છે, પરંતુ બન્ધુઓના વચ...માં ધન હીન જીવવુ એ શ્રેષ્ઠ નથી. ૧૨

विप्रो वृक्षस्तस्यमूलं च संध्या वेदाःशाखा धर्मकर्माणि पत्रम् ॥
तस्मान्मूलंयत्नतोरक्षणीयं छिन्ने मूले नैवशाखानपत्रम् ॥ १३ ॥

બ્રાહ્મણ વૃક્ષ છે, તેની જડ સંધ્યા છે, વેદ શાખા છે, અને ધર્મ તથા કર્મ પાનડાં છે, માટે પ્રયત્ન પૂર્વક જડનુ સંરક્ષણ કરવું જોઇએ. જડ કપાઈ જતાં શાખા કે પાનડાં કાંઈ પણ રહેતાં નથી. ૧૩

माता च कमलादेवी पिता देवो जनार्दनः ॥
बांधवाविष्णुभक्ताश्चस्वदेशोभुवनत्रयम् ॥ १४ ॥

જેની લક્ષ્મી માતા છે, વિષ્ણુ ભગવાન્ પિતા છે, અને વિષ્ણુના ભક્ત બાંધવ છે, તેને તો ત્રણે લોક સ્વદેશજ છે. ૧૪

एकवृक्षसमारूढा नानावर्णा विहंगमाः ॥
प्रभाते दिक्षु दशसु का तत्रपरिदेवना ॥ १५ ॥

નાના પ્રકારનાં પક્ષીઓ રાત્રે એક વૃક્ષ ઉપર બેસે છે, અને પ્રભાત થતા તો દશે દિશામા ઉડી જાય છે, તો તેમા શું શોચ કરવાનો છે ? કાંઈ પણ નહિ. ૧૫

बुद्धिर्यस्य बलं तस्य निर्बुद्धेस्तुकुतो बलम् ॥
वनेसिंहो मदोन्मत्तो जंबुकेन निपातितः ॥ १६ ॥

જેને બુદ્ધિ છે તેને બળ છે, નિર્બુદ્ધિમાં બળ કયાથી હોય જુઓ કે વનમાં મદથી ઉન્મત્ત સિંહ શિયાળથી માર્યો ગયો, માટે બુદ્ધિ છે તેજ બળ છે ૧૬

का चिंता मम जीवने यदि हरिर्विश्वंभरो गीयते
नोचेदर्भकजीवनाय जननीस्तन्यं कथं निःसरेत् ॥
इत्यालोच्य मुहुर्मुहुर्यदुपते लक्ष्मीपते केवलम्
त्वत्पादांबुज सेवनेन सततं कालो मया नीयते ॥ १७ ॥

મારા જીવનમા શું ચિંતા છે ? જો હરિ વિશ્વનુ પાલન કરવાવાળા કહેવાય છે. જો એમ ન હોય તો બચ્ચાના જીવન માટે માતાના સ્તનમા દુધ શા માટે બનાવે ? એનો વારવાર વિચાર કરીને હે યદુપતિ ! હે લક્ષ્મીપતિ! સદા આપના ચરણકમળનીજ સેવામાં હું સમય વ્યતીત કરૂંછું. ૧૭

गीर्वाणवाणीषु विशिष्टबुद्धिस्तथापि भाषांतरलोलुपोऽहम् ॥
यथा सुराणाममृते च सेविते स्वर्गांगनानामधरासवे रुचिः ॥ १८ ॥

જો સંસ્કૃત ભાષામાં વિશેષ જ્ઞાન છે, તોપણ હું અન્ય ભાષાઓનો પણ લોભી છું. જેમકે અમૃત છતાં પણ દેવતાઓને સ્વર્ગની સ્ત્રિયોના ઓઠાના વાસવની ઈચ્છા હોય છે, તેમ મને પણ અન્ય ભાષાના જ્ઞાનની ઈચ્છા રહે છે. ૧૮

अन्नाद्दशगुणं पिष्टं पिष्टाद्दशगुणं पयः ॥
पय सोऽष्टगुणं मांसं मांसाद्दशगुणंघृतम् ॥ १९ ॥

અન્ન થકી દશ ગણો ગુણુ લોટમાં, લોટથી દશ ગણો ગુણુ દૂધમાં, દૂધથી આઠ ગણો ગુણુ માંસમાં અને માંસથી દશ ગણો ગુણુ ઘીમાંછે. ૧૯

शाकेन रोगा वर्धते पयसा वर्धते तनुः ॥
घृतेन वर्धते वीर्यं मांसान्मांसं प्रवर्धते ॥ २० ॥

શાકથી રોગ વૃદ્ધિ પામે છે, દૂધથી શરીર વૃદ્ધિ પામે છે, અને ઘીથી વીર્ય વધે છે અને માસથી માંસ વધે છે ૨૦

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे दशमोऽध्यायः ॥ १० ॥

दातृत्वं प्रियवक्तृत्वं धीरत्वमुचितज्ञता ॥
अभ्यासेन न लभ्यन्ते चत्वारः सहजा गुणाः ॥ १ ॥

ઉદારતા, પ્રિય બોલવું, ધીરતા, અને ઉચિતનું જ્ઞાન એ ચારે સ્વાભાવિક ગુણ છે, એ ગુણ અભ્યાસથી પ્રાપ્ત થતા નથી. ૧

आत्मवर्गं परित्यज्य परवर्गं समाश्रयेत् ॥
स्वयमेवलयंयाति यथाराज्यमधर्मतः ॥ २ ॥

જે પોતાનાં મંડપનો પરિત્યાગ કરી અન્ય મંડપનો આશ્રય લે છે, તે જેમ રાજાનુ રાજ્ય અધર્મથી લય પામે છે, તેમ પોતેજ લયને પ્રાપ્ત થઈ જાય છે.

हस्तीस्थूलतनुःसचांकुशवशः किंहस्तिमात्रोंऽकुशो
दीपेप्रज्वलीतेप्रणश्यतितमः किंदीपमात्रंतमः ॥
वज्रेणापिहताःपतन्तिगिरयः किंवज्रमात्रानगा
स्तेजोयस्यविराजतेसबलवान्स्थूलेषुकःप्रत्ययः ॥ ३ ॥

હાથીનુ શરીર સ્થૂળ છતાં પણુ તે અંકુશને વશ રહે છે, તો શું હસ્તીના સમાન અંકુશ છે? દીવો થવાથી તુરત અન્ધકાર પોતાની મેળેજ નષ્ટ થઈ જાય છે, તો શુ દીપકના સમાન અંધકાર છે? વિદ્યુતને લીધે પર્વતો પડી જાય છે, તો શું વિજળી પર્વતના સમાન છે? અર્થાત્ જેમાં તેજ વિદ્યમાન છે, તેજ બળવાન્ ગણાય છે, મોટાનો શું વિશ્વાસ છે? ૩

कलौदशसहस्राणि हरिस्त्यजतिमेदिनीम् ॥
तदर्धंजान्हवीतोयं तदर्धंग्रामदेवताः ॥ ४ ॥

કલિયુગમાં દશ હજાર વર્ષ જતાં વિષ્ણુ, પાંચ હજાર જતાં શ્રી ગંગાજી અને અઢી હજાર જતાં ગ્રામ દેવતા પૃથિવીનો ત્યાગ કરી દે છે. ૪

गृहासक्तस्यनोविद्या नोदयामांसभोजिनः ॥
द्रव्यलुब्धस्यनोसत्यं स्त्रैणस्यनपवित्रता ॥ ५ ॥

ગૃહમાં આસકત પુરૂષોને વિદ્યા પ્રાપ્ત થતી નથી, માંસાહારીને દયા હોતી નથી. દ્રવ્યનો લોભી સત્ય સભાષણ કરતોજ નથી અને વ્યભિચારી પવિત્ર હોતો નથી. ૫

न दुर्जनः साधुदशामुपैति बहुप्रकारैरपि शिक्ष्यमाणः ॥
आमूलसिक्तःपयसाघृतेन न निंबवृक्षो मधुरत्वमेति ॥६॥

દુર્જનને નાના પ્રકારથી શિખામણ આપવામા આવે, તોપણ તેનામા સાધુતા આવતીજ નથી, દુધ અને ધાથી, જડથી તે પાનડા સુધી લિમડાનાં વૃક્ષને સિંચવામા આવે, તોપણ તેનામા મધુરતા આવતી નથી. ૬

अन्तर्गतमलोदुष्टस्तीर्थस्नानशतैरपि ॥
नशुध्यतियथाभांडंसुरायादाहितंचतत् ॥ ७ ॥

જેના હૃદયમાં પાપ છે, તેજ દુષ્ટ છે, તે જેમ મદિરાના પાત્રને બાળી નાખવામાં આવે, તોપણ શુદ્ધ થતુ નથી, તેમ ખળ સોવાર તીર્થમાં સ્નાન કરે, તોપણ શુદ્ધ થતોજ નથી. ૭

न वेत्ति यो यस्य गुणप्रकर्षं स तं सदा निन्दतिनात्र चित्रम् ॥
यथा किराती करिकुंभलब्धां मुक्तां परित्यज्य बिभर्तिगुंजाम्॥८॥

જે જેના ગુણની યોગ્યતા જાણતો નથી, તે જેમ ભિલડી હાથીનાં મસ્તકનાં મોતીનો પરિત્યાગ કરી ચણોઠીને પેહેરે છે, તેમ તે નિરંતર તેની નિંદા કરે છે. ૮

ये तु संवत्सरं पूर्णं नित्यं मौनेन भुंजते ॥
युगकोटिसहस्रंते पूज्यंतेस्वर्गविष्टपे ॥ ९ ॥

જે આખું વર્ષ નિત્ય મૌન રહીને ભોજન કરે છે, તે હજારો કરોડો યુગ પર્યંત સ્વર્ગ લોકમાં પૂજાય છે ૯

कामक्रोधौतथालोभं स्वादुशृंगारकौतुकौ ॥
अतिनिद्रातिसेवाच विद्यार्थीह्यष्टवर्जयेत् ॥ १० ॥

કામ, ક્રોધ, લોભ, મીઠી વસ્તુ, શૃગાર, રમત, અતિનિદ્રા અને અતિસેવા એ આઠનો વિદ્યાર્થીએ અવશ્ય ત્યાગ કરવો ૧૦

अकृष्टफलमूलानि वनवासरतिः सदा ॥
कुरुतेऽहरहः श्राद्धमृषिर्विप्रःसउच्यते ॥ ११ ॥

વગર ખેડેલી પૃથ્વીમા ઉત્પન્ન થયેલ ફળ ના મૂળને ખાઇને જે સદા વનવાસ કરતો હોય, અને જે પ્રતિદિન શ્રાદ્ધ કરે તેવો બ્રાહ્મણ ઋષિ કહેવાય છે ૧૧

एकाहारेण संतुष्टः षट्कर्मनिरतः सदा ॥
ऋतुकालाभिगामीच सविप्रोद्विजउच्यते ॥ १२ ॥

એક સમય ભોજન કરી સતુષ્ટ રહીને વિદ્યાભ્યાસ કરવો અને કરાવવો, યજ્ઞ કરવો અને કરાવવો, દાન લેવું અને દેવુ, આ છ કર્મમાં જે સદા પ્રીતિવાળો છે, અને ઋતુકાળેજ જે સ્ત્રીસગ કરનારો છે, એવો બ્રાહ્મણ દ્વિજ કહેવાય છે ૧૨

लौकिके कर्माणि रतः पशूनां परिपालकः ॥
वाणिज्यकृषिकर्मायः सविप्रोवैश्यउच्यते ॥ १३ ॥

સાંસારિક કર્મમા પ્રીતિવાળો હોય, પશુઓનુ પાલન કરતો હોય, વ્યાપાર અને ખેતી કરનારો હોય, તેવો વિપ્ર વૈશ્ય કહેવાય છે. ૧૩

लाक्षादितैलनीलीनां कौसुंभमधुसर्पिषाम् ॥
विक्रेतामद्यमांसानांसविप्रःशूद्रउच्यते ॥ १४ ॥

લાખ—આદિ પદાર્થ, તેલ, નીલી, પુષ્પ, કસુંબો, મધ, ઘી, મદિરા અને માંસ એને વેચવાવાળો બ્રાહ્મણ હોય, તો તે શુદ્ર કહેવાય છે. ૧૪

परकार्यविहंताच दांभिकःस्वार्थसाधकः ॥
छलीद्वेषीमृदुः क्रूरो विप्रोमार्जारउच्यते ॥ १५ ॥

બીજાનાં કામને બગાડનારો, દાંભીક, પોતાનાજ અર્થને સાધવાવાળો, [illegible] કરનારો, દ્વેષી, ઉપરથી કોમળ અને અંતઃકરણ જેનું કઠોર હોય તો તેવો બ્રાહ્મણ બિલાડો કહેવાય છે. ૧૫

वापीकूपतडागानामारामसुरवेश्मनाम् ॥
उच्छेदनेनिराशंकः सविप्रोम्लेच्छउच्यते ॥ १६ ॥

વાવ, કૂવા, તળાવ, વાડી અને દેવાલયને ઉખેડી નાખી તેનો નાશ કરવામાં જે પ્રીતિવાળો અને નિડર હોય તો તે બ્રાહ્મણ મ્લેચ્છ કહેવાય છે. ૧૬

देवद्रव्यं गुरुद्रव्यं परदाराभिमर्शनम् ॥
निर्वाहःसर्वभूतेषु विप्रश्चांडालउच्यते ॥ १७ ॥

દેવ અને ગુરુના દ્રવ્યનું જે હરણ કરે છે, અને પરસ્ત્રીનો સંગ કરે છે, અને પ્રાણી માત્રથી પોતાનો નિર્વાહ કરી લે છે, તે વિપ્ર ચાંડાળ કહેવાય છે. ૧૭

देयं भोज्यधनं धनंसुकृतिभिर्नो संचयस्तस्य वै
श्रीकर्णस्य बलश्च विक्रमपतेरद्यापिकीर्तिः स्थिता ॥
अस्माकं मधुदानभोगरहितं नष्टं चिरात्संचितम्
निर्वाणादिति नैजपादयुगलं घर्षत्यहो माक्षिकाः ॥ १८ ॥

સારા માણસોને એ યોગ્ય છે કે,—ભોગના યોગ્ય ધન અને દ્રવ્યને આપે સંચય કદિ પણ ન કરે, કર્ણ, બળિ અને વિક્રમાદિત્ય એ રાજાઓની કીર્તિ આજ પર્યન્ત વિદ્યમાન્ છે. દાન ભોગથી રહિત ઘણા દિવસથી એકઠું કરેલુ અમારૂ મધ નાશ પામી ગયુ. (એમ વિચારી) મધમાખીઓ મધ નાશ થઇ જવાથી અન્તે પગને ઘસ્યા કરે છે. ૧૮

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर
भाषांतरे एकादशोऽध्यायः ॥ ११ ॥

सानंदं सदनं सुतास्तु सुधियः कांता प्रियालापिनी
इच्छापूर्ति धनं स्वयोषिति रतिः स्वाज्ञापराः सेवकाः ॥
आतिथ्यं शिवपूजनं प्रतिदिनं मिष्टान्नपानं गृहे,
साधोः संगमुपासते च सततं धन्यो गृहस्थाश्रमः ॥ १ ॥

આનંદયુક્ત ઘર હોય, પુત્ર પંડિત હોય, સ્ત્રી મધુર ભાષણ કરનારી હોય, ઇચ્છાનુસાર દ્રવ્ય હોય, પોતાની સ્ત્રીમાંજ પ્રીતિ હોય, આજ્ઞા પાળનાર નોકર હોય, અતિથિની સેવા અને શ્રી સદાશિવજીનું પૂજન થતું હોય, હમેશાં ઘરમા મિષ્ટાન્ન અને જળ મળે, હમેશાં સાધુઓના સંગથી ઉપાસના થતી હોય એવા ગૃહસ્થાશ્રમીનેજ ધન્ય છે. ૧

आर्तेषु विप्रेषु दयान्वितश्च यच्छ्रद्धया स्वल्पमुपैति दानम्॥
अनंतपारं समुपैति राजन् यद्दीयते तन्न लभेद्द्विजेभ्यः ॥२॥

જે દયાવાન્ પુરૂષ જાતે બ્રાહ્મણને શ્રદ્ધાપૂર્વક થોડું પણ દાન આપે છે, તેને અનન્ત થઈને તે મળે છે. પરંતુ જે આપેલુ હોય તે, તે બ્રાહ્મણ પાસેથી મળતુ નથી, અર્થાત તેને અન્ય જન્મમા તેનુ ઉત્તમ ફળ મળે છે. ૨

दाक्षिण्यं स्वजने दया परजने शाठ्यं सदादुर्जने
प्रीतिः साधुजने स्मयः खलजने विद्वज्जने चार्जवम्॥
शौर्यं शत्रुजने क्षमा गुरुजने नारीजने धूर्तता
इत्थं ये पुरुषाःकलासु कुशलास्तेष्वेव लोकस्थितिः ॥ ३ ॥

પોતાના જનોમા દક્ષતા, અન્ય જનો પ્રત્યે દયા, દુર્જન પ્રત્યે સદા દુષ્ટતા, સાધુજન પ્રત્યે પ્રીતિ, ખળોમા અભિમાન, વિદ્વાનોમા સરળતા, શૂરાઓમા શૂરતા, મોટા લોકોના સબંધમાં ક્ષમા અને સ્ત્રી સાથે કામ પડે તો ધૂર્તતા આ પ્રકારે જે લોક કળામાં કુશળ હોય છે, તેનાથીજ લોકની મર્યાદા રહે છે ૩

हस्तौदानाविवर्जितौश्रुतिपुटौसारस्वतद्रोहिणौ
नेत्रेसाधुविलोकनेनरहितेपादौनतीर्थंगतौ ॥
अन्यायार्जितवित्तपूर्णमुदरंगर्वेणतुंगंशिरा
रे रे जम्बुकमुंचमुंचसहसानीचंसुनिंद्यंवपुः ॥ ४ ॥

જેના હાથ દાનરહિત છે, કાન વેદશાસ્ત્રના વિરોધી છે, નેત્રોએ સાધુનાં દર્શન કર્યા નથી, પગથી તીર્થાટણ કરેલુ નથી, અન્યાયથી સંપાદન કરેલાં દ્રવ્યવડે પેટ ભરેલું છે, અને અભિમાનથી મસ્તક ઊંચું થઈ રહ્યું છે. રે ! રે ! શિયાળ !!! એવા નિચનિંધ શરીરનો ત્વરાથી ત્યાગ કરય. ૪

येषांश्रीमद्यशोदासुतपदकमलेनास्तिभक्तिर्नराणां,
येषामाभीरकन्याप्रियगुणकथनेनानुरक्तारसज्ञा ॥
येषांश्रीकृष्णलीलाललितरसकथासादरौनैवकर्णौ,
धिक्तान्धिक्तान्धिगेतान्कथयतिसततंकीर्तनस्थोमृदंगः॥५॥

શ્રી યશોદાજીના સુતના ચરણકમળમાં જે લોકોની ભક્તિ હોતી નથી, જે લોકોની જીહ્વા આહિરોની કન્યા–ગોપીઓના પ્રિય અર્થાત્ કૃષ્ણના ગુણગાનમાં પ્રીતિવાળી નથી, અને શ્રીકૃષ્ણચન્દ્રની લીલાની લલિત કથાનો આદર જેના કાન કરતા નથી, તેવા લોકોને કીર્તનનો મૃદંગ ધિક્કાર છે, તે લોકોને ધિક્કાર છે એમ સદા કહે છે. ૫

पत्रंनैवयदाकरीरविटपे दोषो वसंतस्यकिं
नोलूकोऽप्यवलोकते यदिदिवासूर्यस्यकिंदूषणम् ॥
वर्षानैवपतन्तु चातकमुखेमेघस्यकिंदूषणं
यत्पूर्वंविधिनाललाटलिखितं तन्मार्जितुंकःक्षमः ॥ ६ ॥

કેરડાના ઝાડમાં પાનડાં ન હોવાથી તેમાં વસંતઋતુનો શો અપરાધ છે? અર્થાત્ બધા ઝાડોમાં વસંતમાં નવીન પલ્લવ આવે છે અને કેરડાના ઝાડને પાનડાં હોતા નથી જો ઘૂડ દિવસે ન દેખે તો તેમાં સૂર્યનો શું દોષ છે? ચાતકના મુખમાં વરસાદની ધારા પડતી નથી, તેમાં મેઘનો શું અપરાધ છે? પ્રથમથીજ બ્રહ્માએ જે કાંઈ લલાટમાં લખી રાખેલું છે, તેને મટાડવાને કોણ સમર્થ છે? અર્થાત્ કોઈ નથી ૬

सत्संगाद्भवति हि साधुता खलानां साधूनांनहि
खलसंगतः खलत्वम् ॥ आमोदंकुसुमभवंमृदेव
धत्ते मृद्गंधं नहि कुसुमानिधारयन्ति ॥ ७ ॥

સારાના સંગથી દુર્જનોમાં પણ અવસ્ય કરીને સજ્જનતા આવી જાય છે, સાધુઓમાં દુષ્ટોની સંગતિથી અસાધુતા આવતી નથી. પુષ્પના ગંધને માટી લે છે, પરંતુ માટીના ગંધને પુષ્પ કદિ પણ ધારણ કરતાં નથી. ૭

साधूनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः ॥
कालेनफलतेतीर्थं सद्यःसाधुसमागमः ॥ ८ ॥

સાધુઓનાં દર્શનજ પુણ્ય છે; કારણ કે મહાત્માઓ તીર્થરૂપ છે, તીર્થ તો સમય આવે ફળ આપે છે; પરંતુ સાધુઓનો સંગ તો તુરતજ કામ કરી દે છે. ૮

विप्रास्मिन्नगरे महान्कथय कस्तालद्रुमाणांगणः
कोदाता रजकोददातिवसनं प्रातर्गृहीत्वानिशि ॥
कोदक्षः परवित्तदारहरणेसर्वेऽपिदक्षाजनाः
कस्माज्जीवसिहेसखे विषकृमिन्यायेनजीवाम्यहम् ॥ ९ ॥

હે વિપ્ર! આ નગરમાં કોણ મોટો છે? તાડના ઝાડનો સમુદાય મોટો છે, દાતાર કોણ છે? ધોબી કે જે પ્રભાતે લુગડાં ધોવા લઇ જાય છે અને રાત્રે પાછાં આપી જાય છે. ચતુર કોણ છે? અન્યના ધનને અને સ્ત્રીને હરણ કરવામાં સર્વ ચતુર છે, તો આ નગરમાં આપ શી રીતે જીવો છો? હે મિત્ર! વિષના કીડા વિષમાંજ જીવે છે તે પ્રમાણેજ હું જીવું છું. ૯

नविप्रपादोदककर्दमानि नवेदशास्त्रध्वनिगर्जितानि ॥
स्वाहास्वधाकारविवर्जितानि श्मशानतुल्यानिगृहाणितानि ॥१०

જે ઘરમાં બ્રાહ્મણોના પગના જળથી કાદવ ન થયો હોય, વેદશાસ્ત્રના શબ્દની ગર્જના ન થઈ હોય તથા સ્વાહા અને સ્વધાથી રહિત જે ઘર હોય, તેવા ઘરને સ્મશાન સમજવું જોઇએ. ૧૦

सत्यंमातापिताज्ञानं धर्मोभ्रातादयासखा ॥
शांतिःपत्नीक्षमापुत्रः षडेतेममबांधवाः ॥११॥

સત્યતા મારી માતા છે, જ્ઞાન પિતા, ધર્મ ભાઈ અને દયા મિત્ર છે, શાંતિ સ્ત્રી છે, અને ક્ષમા પુત્ર છે, આ છ મારા બન્ધુ છે. કોઈ સાંસારિક પુરૂષે જ્ઞાનીને જોઇને ચકિત થઇને પુછ્યું કે, સંસારમાં માતા, પિતા, ભાઇ, મિત્ર, સ્ત્રી અને પુત્ર એ જેટલા સારા હોય તેટલોજ સંસારમાં આનંદ હોય છે, તને હું પરમાનંદમાં મગ્ન જોઉં છું તો તને કોઇને કોઈ તેમાંથી હશે, જ્ઞાની સમજ્યો કે, જે દશાને જોઇ આ ચકિત થયો છે, તેવી દશા શું સાંસારિક કુટુમ્બોથી થઇ શકે તેમ છે? કદિ નહિ. માટે જેવડે મને પરમાનંદ થયેલ છે, તે તેને સમજાવું કે જેથી તે પણ તેનો સ્વિકાર કરે ११

अनित्यानिशरीराणि विभवोनैवशाश्वतः ॥

नित्यंसन्निहितोमृत्युः कर्तव्योधर्मसंग्रहः ॥१२॥

શરીર અનિત્ય નાશવાન્ છે, વૈભવ પણ સદા રહેતો નથી અને મૃત્યુ સદા સમીપમાંજ રહે છે, માટે ધર્મનો સંગ્રહ કરવો જોઇએ. ૧૨

निमंत्रणोत्सवाविप्रा गावोनवतृणोत्सवाः ॥

पत्युत्साहयुताभार्या अहंकृष्णरणोत्सवः ॥ १३ ॥

નિમંત્રણ એ બ્રાહ્મણોનો ઉત્સવ છે, નવીન ઘાસ ગાયોનો ઉત્સવ છે, પતિના ઉત્સાહથી સ્ત્રિયોને ઉત્સાહ થાય છે, અને મને તો હે કૃષ્ણ! રણુજ ઉત્સવ છે ૧૩

मातृवत्परदाराश्च परद्रव्याणि लोष्टवत् ॥

आत्मवत्सर्वभूतानि यःपश्यतिसपश्यति ॥ १४ ॥

પારકી સ્ત્રીને માતા સમાન, અન્યના દ્રવ્યને ઢેફાના સમાન, અને પોતાના સમાન જે પ્રાણી માત્રને જુએ છે તેજ દેખતો છે ૧૪

धर्मेतत्परतामुखेमधुरतादानेसमुत्साहता

मित्रेऽवंचकतागुरौविनयताचित्तेऽतिगंभीरता ॥

आचारेशुचिताःगुणेरसिकताशास्त्रेषुविज्ञातृता

रूपेसुंदरताशिवेभजनतात्वय्यस्तिभोराघव ॥ १५ ॥

ધર્મમાં તત્પરતા, મુખમાં મધુરતા, દાનમાં ઉત્સાહ, મિત્ર સાથે નિષ્કપટપણું, ગુરૂ સાથે નમ્રતા, અંતઃકરણમાં ગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણમાં રસિકતા, શાસ્ત્રમાં વિશેષ જ્ઞાન, રૂપમાં સુંદરતા અને શ્રી સદાશિવજીમાં ભક્તિ, હે રાઘવ! એ બધાં આપમાંજ છે. ૧૫

काष्ठंकल्पतरुःसुमेरुरचलश्चिंतामणिःप्रस्तरः

सूर्यस्तीव्रकरः शशीक्षयकरः क्षारोहिवारांनिधिः ॥

कामो नष्टतनुर्बलिर्दितिसुतो नित्यं पशुःकामगौ

नैतांस्ते तुलयामिभो रघुपते कस्योपमा दियते ॥१६॥

કલ્પવૃક્ષ કાષ્ટ છે, સુમેરૂ અચળ છે, ચિંતામણિ પત્થર છે, સૂર્યની કિરણો અત્યંત ગરમ છે, ચન્દ્ર કિરણો ક્ષય થઈ જાય છે, સમુદ્ર ખારો

છે, કામને શરીર નથી. અગ્નિ દૈત્ય છે, કામધેનુ સદા પશુજ છે. એ માટે આપ સાથે એની તુલના થઈ શકતી નથી માટે હે રઘુપતિ! આપને કોની ઉપમા આપી શકાય. ૧૬

विनयं राजपुत्रेभ्यः पंडितेभ्यः सुभाषितम् ॥
अनृतं द्यूतकारेभ्यः स्त्रीभ्यः शिक्षेत कैतवम् ॥ १७ ॥

સુશીલતા રાજપુત્રોથી, પ્રિય વચન પંડિતોથી, અસત્ય જુગારીઓથી અને છળ સ્ત્રીઓ પાસેથી શિખવું જોઇએ. ૧૭

अनालोक्यव्ययं कर्ता अनाथः कलहप्रियः ॥
आतुरः सर्वक्षेत्रेषु नरः शीघ्रं विनश्यति ॥ १८ ॥

વગર વિચારે વ્યય કરનાર, સહાયક ન છતા પણ કલહમાં પ્રીતિ રાખનાર અને સર્વ જાતિની સ્ત્રીઓના ભોગને માટે વ્યાકુળ થવાવાળા પુરૂષ ત્વરાથી નષ્ટ થઇ જાય છે ૧૮

नाहारं चिंतयेत्प्राज्ञो धर्ममेकं हि चिंतयेत् ॥
आहारो हि मनुष्याणां जन्मना सह जायते ॥ १९ ॥

પંડિતને આહારની ચિંતા કરવી ન જોઇએ, માત્ર ધર્મનોજ નિશ્ચય પૂર્વક વિચાર કરવો જોઇએ, કારણ કે આહાર તો મનુષ્યના જન્મની સાથેજ ઉત્પન્ન થાય છે. ૧૯

जलबिंदुनिपातेन क्रमशः पूर्यते घटः ॥
सहेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥ २० ॥

ક્રમપૂર્વક જળનું એક એક ટીપું પડવાથી પણ ઘડો ભરાઈ જાય છે, તે પ્રમાણેજ સર્વ વિદ્યા, ધર્મ અને ધનનું પણ સમજવું. ૨૦

वयसः परिणामेऽपि यः खलः खल एव सः ॥
संपक्वमपि माधुर्यं नोपयातींद्रवारुणम् ॥ २१ ॥

વયના પરિણામે પણ જે ખળ રહે છે, તે જીવત પર્યંત ખળજ રહે છે, અત્યંત પાકેલું ઇન્દ્રવરણું મીઠું થતુંજ નથી ૨૧

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्ज्जर भाषांतरे द्वादशोऽध्यायः ॥ १२ ॥

मुहूर्तमपि जीवेच्च नरः शुक्लेन कर्मणा ॥
नकल्पमपि कष्टेन लोकद्वयविरोधिना ॥ १ ॥

ઉત્તમ કર્મથી મનુષ્યોનું ક્ષણવાર પણ જીવવું ઉત્તમ છે, ઉભય લોકના વિરોધીનું દુષ્ટ કર્મને લીધે કલ્પ પર્યંત જીવવું શ્રેષ્ઠ નથી. ૧

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिंतयेत् ॥
वर्तमानेन कालेन प्रवर्तन्ते विचक्षणाः ॥ २ ॥

ગત વસ્તુનો શોચ ન કરવો જોઇએ અને ભાવીની ચિંતા પણ ન કરવી જોઇએ. કુશળ પુરૂષો વર્તમાનકાળના અનુરોધથી પ્રવૃત્ત થાય છે. ૨

स्वभावेनहितुष्यंति देवाःसत्पुरुषाः पिता ॥
ज्ञातयःस्नानपानाभ्यां वाक्यदानेनपंडिताः ॥ ३ ॥

દેવતા, સત્પુરૂષ અને પિતા એ પ્રકૃતિથીજ સંતોષ પામે છે, બન્ધુઓ સ્નાન અને પાનથી અને પંડિત પ્રિય વચનથી સંતોષ પામે છે. ૩

आयुःकर्म च वित्तं च विद्या निधनमेव च ॥
पंचैतानिचसृज्यंते गर्भस्थस्यैवदेहिनः ॥ ४ ॥

આવરદા, કર્મ, વિદ્યા, ધન અને મરણ એ પાંચ જીવ જ્યારે ગર્ભમાં મા રહે છે, ત્યારે તેજ સમય સરજવામાં આવે છે ૪

अहोवतविचित्राणि चरितानिमहात्मनाम् ॥
लक्ष्मींतृणायमन्यन्ते तद्भारेणनमंतिच ॥ ५ ॥

મહાત્માઓનાં વિચિત્ર ચરિત્ર છે, આશ્ચર્ય છે કે તેઓ લક્ષ્મીને તૃણ સમાન માને છે, અને જો લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, તો તેના ભારથી નમ્ર થઇ જાય છે. ૫

यस्यस्नेहोभयंतस्य स्नेहोदुःखस्य भाजनम् ॥
स्नेहमूलानदुःखानि तत्संत्यक्त्वावसेत्सुखम् ॥ ६ ॥

જેની કોઇપણ વસ્તુમાં પ્રીતિ રહે છે તેજ ભય થાય છે, જેને પ્રીતિ નથી તેને ભય નથી. સ્નેહજ દુઃખનું ભાજન છે, અને સર્વ દુઃખનું કારણ સ્નેહજ છે. માટે સુખી થવાની ઇચ્છા રાખનારાએ તેનો ત્યાગ કરવો જોઇએ. ૬

अनागतविधाता च प्रत्युत्पन्नमतिस्तथा ॥
द्वावेतौसुखमेधेते यद्भविष्योविनश्यति ॥ ७ ॥

આવતાં દુઃખનો પ્રથમથી વિચાર કરનાર, અને જેની બુદ્ધિમાં વિપત્તિ આવતાં તુરત ઉપાય આવી જાય છે, તે અન્તે સુખે વૃદ્ધિને પામે છે અને જે વિચાર કરે છે કે,–ભાગ્યવશ જે થવાનુ હશે તેજ અવશ્ય થશે, તે નષ્ટ થઈ જાય છે. ૭

राज्ञिधर्मिणिधर्मिष्ठाः पापेपापाःसमेसमाः ॥
राजानमनुवर्तन्ते यथाराजातथाप्रजा ॥ ८ ॥

જો રાજા ધર્માત્મા હોય તો તેની પ્રજા પણ ધર્મિષ્ટ હોય છે, જો પાપી રાજા હોય તો પ્રજા પણ પાપી થાય છે, પ્રજા રાજાના અનુસાર ચાલે છે, માટે જેવો રાજા હોય તેવી પ્રજા પણ હોય છે. ૮

जीवन्तं मृतवन्मन्ये देहिनं धर्मवर्जितम् ॥
मृतोधर्मेणसंयुक्तो दीर्घजीवीनसंशयः ॥ ९ ॥

ધર્મ વગરના જીવતાંને મૃતકના સમાન સમજુ છુ, અને ધર્મવાળો પુરૂષ મરણ પામેલ છતાં પણ ચિરંજીવ છે ૯

धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपिनविद्यते ॥
अजागलस्तनस्येव तस्यजन्मनिरर्थकम् ॥ १० ॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પૈકી જેને એક પણ હોતું નથી, તેનું જીવન બકરીના ગળાના સ્તન સમાન નિરર્થક છે. ૧૦

दह्यमानाःसुतीव्रेण नीचाःपरयशोऽग्निना ॥
अशक्तास्तत्पदंगन्तुं ततोनिंदांप्रकुर्वते ॥ ११ ॥

દુર્જન અન્યના કીર્ત્તિરૂપ દુઃસહ અગ્નિથી બળીને તેનાં પદને પામતો નથી. જેથી તેની નિંદા કર્યા કરે છે. ૧૧

बन्धाय विषयासक्तं मुक्तौ निर्विषयंमनः ॥
मनएवमनुष्याणांकारणं बन्धमोक्षयोः ॥ १२ ॥

વિષયમાં આસક્ત મન બન્ધનનું કારણ છે, વિષયથી રહિત મન મુક્તિનું કારણ છે, માટે મનુષ્યને બન્ધ અને મોક્ષનું કારણ મનજ છે. ૧૨

देहाभिमाने गलिते ज्ञानेन परमात्मनः ॥
यत्रयत्रमनोयाति तत्रतत्रसमाधयः ॥ १३ ॥

પરમાત્માના જ્ઞાનથી દેહના અભિમાનનો નાશ થઈ જતાં જ્યાં જ્યાં મન જાય છે, ત્યાં ત્યા સમાધિજ છે. ૧૩

ईप्सितं मनसःसर्वं कस्य संपद्यते सुखम् ॥
दैवायत्तं यतः सर्वं तस्मात्सन्तोषमाश्रयेत् ॥ १४ ॥

મનનુ અભિલાષિત સર્વ સુખ કોને મળે છે? બધુ દૈવને વશ છે, માટે સતાપ ઉપર ભરૂસો રાખવો એ ઉચિત છે ૧૪

यथा धेनुसहस्रेषु वत्सो गच्छति मातरम् ॥
तथायच्चकृतंकर्म कर्तारमनुगच्छति ॥ १५ ॥

જેમ હજારો ગાયો છતા પણ વાછડુ પોતાની માતા પાસેજ જાય છે, તેમ જે કાંઈ કર્મ કરવામા આવે છે તે કર્તાનેજ મળે છે. ૧૫

अनवस्थितकार्यस्य नजनेनवनेसुखम् ॥
जनोदहतिसंसर्गाद्वनंसङ्गविवर्जनात् ॥ १६ ॥

જેના કાર્યની સ્થિરતા રહેતી નથી, તે જનમા કે વનમા સુખ પામતો નથી. સસર્ગથી જન તેને બાળે છે, અને વન સગના ત્યાગથી તેને બાળે છે ૧૬

यथा खात्वा खनित्रेण भूतले वारि विन्दति ॥
तथागुरुगतांविद्यांशुश्रूषुरधिगच्छति ॥ १७ ॥

જેમકે ખોદવાના સાધનથી ખોદનાર મનુષ્ય પાતાળનાં જળને પામે છે, તે પ્રમાણે ગુરૂ પાસેની વિદ્યાને સેવક, શિષ્ય પામે છે. ૧૭

कर्मायत्तं फलं पुंसां बुद्धिः कर्मानुसारिणी ॥
तथापिसुधियश्चार्याः सुविचार्यैवकुर्वते ॥ १८ ॥

જો કે ફળ પુરૂષનાં કર્મને આધીન રહે છે, અને બુદ્ધિ પણ કર્માનુસાર ચાલે છે; તોપણ વિવેકી મહાત્મા લોકો વિચારીનેજ કામ કરે છે. ૧૮

एकाक्षरप्रदातारं योगुरुंनाभिवंदते ॥
श्वानयोनिशतंभुक्त्वा चाण्डालेष्वभिजायते ॥ १९ ॥

જે એક અક્ષર પણ આપનાર ગુરૂને નમતો નથી, તે કુતરાની સો યોનિને ભોગવીને ચાંડાળને ત્યાં જન્મ ધારણ કરે છે. १९

युगांते प्रचलेन्मेरुः कल्पांते सप्त सागराः ॥

साधवः प्रतिपन्नार्थां नचलंतिकदाचन ॥ २० ॥

યુગના અન્તમાં સુમેરૂ ચળાયમાન થાય છે, અને કલ્પના અંતમાં સાતે સાગર ચળાયમાન થાય છે; પરંતુ સાધુ લોકો તો સ્વીકૃત અર્થથી કદિ પણ ચલાયમાન થતાજ નથી २०

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

पृथिव्यां त्रीणिरत्नानि जलमन्नं सुभाषितम् ॥

मूढैः पाषाणखंडेषु रत्नसंज्ञा विधीयते ॥ १ ॥

પૃથિવીમાં જળ, અન્ન અને પ્રિયવચન એ ત્રણજ રત્ન છે. અને મૂઢ લોકોએ તો પત્થરના કકડાઓમા રત્નની ગણના કરી છે. १

आत्मापराधवृक्षस्य फलान्येतानि देहिनाम् ॥

दारिद्र्यरोगदुःखानि बंधनव्यसनानि च ॥ २ ॥

જીવોને પોતાના અપરાધરૂપ વૃક્ષનાં દરિદ્રતા, દુ:ખ, બંધન અને વિપત્તિ એ ફળ મળે છે. २

पुनर्वित्तं पुनर्मित्रं पुनर्भार्या पुनर्मही ॥

एतत्सर्वं पुनर्लभ्यं न शरीरं पुनःपुनः ॥ ३ ॥

ધન, મિત્ર, સ્ત્રી અને પૃથિવી એ બધુ પુનઃપુનઃ મળે છે; પરંતુ આ મનુષ્ય શરીર પુનઃ પુનઃ મળતું નથી. ३

बहूनां चैव सत्त्वानां समवायो रिपुंजयः ॥

वर्षाधाराधरो मेघस्तृणैरपि निवार्यते ॥ ४ ॥

ઘણા જનોનો સમુદાય અવશ્ય શત્રુને જીતી લે છે, તૃણ સમૂહ પણ વૃષ્ટિની ધારને ધારણ કરવાવાળા મેઘનું નિવારણ કરે છે. ४

जले तैलं खले गुह्यं पात्रे दानं मनागपि ॥
प्राज्ञे शास्त्रं स्वयं याति विस्तारं वस्तुशक्तितः ॥ ५ ॥

જળમાં તેલ, દુર્જનમાં ગુપ્ત વાર્તા, સુપાત્રમાં અને બુદ્ધિમાનમાં શાસ્ત્ર એ થોડું હોય તોપણ વસ્તુની શક્તિથી પોતાની મેળેજ વિસ્તારને પામે છે. ૫

धर्माख्याने श्मशाने च रोगिणां या गतिर्भवेत् ॥
सा सर्वदैव तिष्ठेच्चेत्को न मुच्येत बंधनात् ॥ ६ ॥

ધર્મ સંબંધી કથામા, સ્મશાનમાં અને રોગીઓને જે બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેવી બુદ્ધિ જો સદા રહે તો કોણ બન્ધથી મુક્ત થતો નથી; અર્થાત્ સર્વ મુક્ત થઈ જાય છે ૬

उत्पन्नपश्चात्तापस्य बुद्धिर्भवति यादृशी ॥
तादृशीयादिपूर्वस्यात्कस्य न स्यान्महोदयः ॥ ७ ॥

નિંદ્ય કર્મ કરીને પછીથી પસ્તાવો કરવાવાળા પુરૂષને જેવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેવી બુદ્ધિ જો પ્રથમથી થાય તો કોનો મહોદય થતો નથી ? અર્થાત્ સર્વેનો થાય છે ૭

दाने तपसि शौर्ये वा विज्ञाने विनये नये ॥
विस्मयो न हि कर्तव्यो बहुरत्ना वसुंधरा ॥ ८ ॥

દાનમાં, તપમાં, શૂરતામાં, વિજ્ઞાનમા, સુશીલતામા અને નીતિમાં વિસ્મય થવું ન જોઈએ; કારણ કે પૃથિવીમાં ઘણાં રત્ન છે. ૮

दूरस्थोऽपिन दूरस्थो यो यस्य मनसिस्थितः ॥
यो यस्य हृदये नास्ति समीपस्थोऽपि दूरतः ॥ ९ ॥

જે જેના હૃદયમાં રહે છે, તે દૂર હોય છતાં પણ દૂર નથી. જે જેના મનમાં નથી, તે પાસે હોય તોપણ પાસે નથીજ, અર્થાત્ દૂર છે। ૯

यस्माच्च प्रियमिच्छेत्तु तस्यब्रूयात्सदा प्रियम् ॥
व्याधो मृगवधंगंतुंगीतंगायति सुस्वरम् ॥ १० ॥

જે દ્વારા પ્રિયની ઇચ્છા હોય, તે પાસે સદા પ્રિય બોલવું ઉચિત છે. પારાધી મૃગનો શિકાર કરવાને માટે મધુર સ્વરથી ગાયન કરે છે. ૧૦

अत्यासन्ना विनाशाय दूरस्था न फलप्रदाः ॥
सेव्यतां मध्यभागेन राजा वह्निर्गुरुः स्त्रियः ॥ ११ ॥

અત્યંત પાસે રહેવા છતાં પણ વિનાશનાં હેતુ થાય છે, અને દૂર રહેવાથી ફળ આપતાં નથી. માટે રાજા, અગ્નિ, ગુરૂ, અને સ્ત્રી એનું મધ્યવસ્થાથીજ સેવન કરવું જોઇએ. ૧૧

अग्निरापः स्त्रियो मूर्खः सर्पोराजकुलानिच ॥
नित्यंयत्नेनसेव्यानि सद्यः प्राणहराणिषट् ॥ १२ ॥

અગ્નિ, જળ, સ્ત્રી, મૂર્ખ, સાપ અને રાજાનુ કુળ એ સદા સાવધાન-પણાથી સેવવા યોગ્ય છે, કારણ કે એ છ ત્વરાથી પ્રાણને હરવાવાળાં છે. ૧૨

सजीवति गुणायस्य यस्यधर्मः सजीवति ॥
गुणधर्मविहीनस्य जीवितंनिष्प्रयोजनम् ॥ १३ ॥

જે પાસે ગુણ છે, અને જેનો ધર્મ છે, તેજ જીવતો છે. ગુણ અને ધર્મથી હીન પુરૂષનુ જીવન વ્યર્થ છે. ૧૩

यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ॥
पुरापंचदशास्येभ्यो गांचरंतींनिवारय ॥ १४ ॥

જો એકજ કર્મથી જગતને વશ કરવા ઇચ્છા રાખતા હો તો પ્રથમ નિચે દર્શાવેલી પદર બાબતોથી મનનુ નિવારણ કરવું. અર્થાત્ આંખ, કાન, નાક, જીહ્વા અને ત્વચા એ પાચ જ્ઞાનેન્દ્રિય, મુખ, હાથ, પગ, લિંગ અને ગુદા એ પાંચ કર્મેન્દ્રિય અને રૂપ, શબ્દ, રસ, ગન્ધ અને સ્પર્શ એ પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષય છે, માટે એ પંદરથી મનનું નિવારણ કરવું જોઇએ. ૧૪

प्रस्तावसदृशं वाक्यं प्रभावसदृशं प्रियम् ॥
आत्मशक्तिसमंकोपं योजानातिसपण्डितः ॥ १५ ॥

પ્રસંગાનુસાર વાક્ય, પ્રકૃતિના સદૃશ પ્રિય અને પોતાની શક્તિના અનુસાર કોપને જે જાણે છે, તે બુદ્ધિમાન્ છે ૧૫

एकएवपदार्थस्तुत्रिधाभवतिवीक्षितः ॥
कुणपःकामिनीमांसं योगिभिःकामिभिःश्वभिः ॥ १६ ॥

એકજ દેહરૂપ વસ્તુ ત્રણ પ્રકારે જોવામાં આવે છે, યોગી લોકો તેને અતિ નિન્દિત મૃતક રૂપથી, કામી પુરૂષ કાંતા રૂપથી, અને કુતરા માંસ રૂપથી જુવે છે ૧૬

सुसिद्धमौषधंधर्मं गृहच्छिद्रंचमैथुनम् ॥
कुभुक्तंकुश्रुतंचैव मतिमान्नप्रकाशयेत् ॥ १७ ॥

સિદ્ધ ઔષધ, ધર્મ, પોતાના ઘરનો દોષ, મૈથુન, કુઅન્નનુ ભોજન અને નિન્દનીય વચન એનો પ્રકાશ કરવો બુદ્ધિમાનોને યોગ્ય નથી. ૧૭

तावन्मौनेन नीयन्ते कोकिलैश्चैव वासराः ॥
यावत्सर्वजनानन्ददायिनीवाक्प्रवर्तते ॥ १८ ॥

જ્યાંસુધી સર્વ જનોને આનંદ આપનારી વાણીનો કોયલ પ્રારંભ કરતી નથી, ત્યાંસુધી કોયલ મૌન સાધનથી દિવસ વ્યતીત કરે છે. ૧૮

धर्मं धनं च धान्यं च गुरोर्वचनमौषधम् ॥
सुगृहीतंचकर्तव्यमन्यथातुनजीवति ॥ १९ ॥

ધર્મ, ધન, ધાન્ય, ગુરૂનુ વચન અને ઔષધ જો એ સુગૃહીત હોય તો તો તેનો સારી રીતે સંગ્રહ કરવો, અને જે તે પ્રમાણે કરતો નથી, તે જીવતો નથી. ૧૯

त्यज दुर्जनसंसर्गं भज साधुसमागमम् ॥
कुरुपुण्यमहोरात्रं स्मरनित्यमनित्यतः ॥ २० ॥

ખળનો સંગ ત્યાગીને સાધુની સંગતિનો સ્વીકાર કરવો, અહોનિશ પુણ્ય કરવા તરફ લક્ષ રાખવુ અને ઈશ્વિરનું નિત્ય સ્મરણ કરવું, કારણ કે સંસાર અનિત્ય-નાશવાન્ છે. ૨૦

इति श्री वृद्ध चाणाक्ये व्यास कल्याणजी कृत गुर्ज्जर भाषांतरे चतुर्दशोऽध्यायः ॥ १४ ॥

यस्य चित्तं द्रवीभूतं कृपया सर्वजन्तुषु ॥
तस्यज्ञानेनमोक्षेण किंजटाभस्मलेपनैः ॥ १ ॥

જેનું ચિત્ત પ્રાણી માત્રના ઉપર દયાથી પિગળી જાય છે, તેને જ્ઞા-

નથી, મોક્ષથી, જટાથી અને વિભૂતિના લેપનથી શું? અર્થાત્ કાંઈ નહિ. પ્રાણી માત્ર ઉપર દયા રાખનારનું સદા કલ્યાણજ થાય છે. ૧

एकमेवाक्षरं यस्तु गुरुःशिष्यं प्रबोधयेत् ॥
पृथिव्यांनास्तितद्द्रव्यं यद्दत्वाचानृणीभवेत् ॥ २ ॥

જે ગુરૂ શિષ્યને એકજ અક્ષરનો ઉપદેશ કરે છે, તેનો બદલો વાળવાને પૃથિવીમાં એવું દ્રવ્ય નથી કે જે આપીને શિષ્ય ગુરૂનાં કરજથી મુક્ત થઈ શકે. ૨

खलानांकण्टकानांच द्विविधैवप्रतिक्रिया ॥
उपानन्मुखभंगोवादूरतोवाविसर्जनम् ॥ ३ ॥

ખળ અને કાંટા તેનો બે પ્રકારેજ ઉપાય છે. જોડાથી મુખ ભાંગી નાખવું, અથવા દૂરથી ત્યાગ કરવો ૩

कुचैलिनं दन्तमलोपधारिणं बह्वाशिनं निष्ठुरभाषिणं च ॥
सूर्योदये चास्तमिते शयानं विमुंचति श्रीर्यदि चक्रपाणिः॥४॥

મેલાં લુગડાંવાળાને, જે દાતથી મળને દૂર કરતો નથી; અર્થાત્ દાતણ કરતો નથી તેને, બહુ ખાનારાને, કઠોર બોલનારને, અને સૂર્યના ઉદય અને અન્ત સમય શયન કરવાવાળાને ગમે તો તે વિષ્ણુ હોય, તોપણ લક્ષ્મી તેનો ત્યાગ કરે છે. ૪

त्यजंति मित्राणि धनैर्विहीनं दाराश्च भृत्याश्च सुहृज्जनाश्च।
तं चार्थवंतं पुनराश्रयंते ह्यर्थो हि लोके पुरुषस्य बंधुः ॥ ५ ॥

મિત્ર, સ્ત્રી, સેવક અને બન્ધુ એ ધન હીન પુરૂષને છોડી દે છે, અને જો તેજ પુરૂષ પાછો ધનવાન્ થઈ જાય છે, તો પાછો તેનો આશ્રય કરે છે. અર્થાત્ ધનજ લોકમાં બન્ધુ છે ૫

अन्यायोपार्जितं द्रव्यं दशवर्षाणि तिष्ठति ॥
प्राप्तएकादशेवर्षे समूलं च विनश्यति ॥ ६ ॥

અનીતિથી સંપાદન કરેલુ ધન દશ વર્ષ સુધી રહે છે, અગ્યારમું વર્ષ બેસતાં તો તે મૂળસહ નાશ પામે છે. ૬

अयुक्तंस्वामिनोयुक्तं युक्तं नीचस्यदूषणम् ॥
अमृतं राहवे मृत्युर्विषं शंकरभूषणम् ॥ ७ ॥

અયોગ્ય વસ્તુ છતાં પણ તે સમર્થને યોગ્ય થાય છે. અને યોગ્ય પણ દુર્જનને દૂષણરૂપ થઈ પડે છે; જેમકે અમૃતે રાહુને મરણ આપ્યું અને વિષ છતાં પણ શંકરને ભૂષણરૂપ થઈ પડ્યું. ૭

तद्भोजनं यद्द्विजभुक्तशेषं तत्सौहृदं यत्क्रियते परस्मिन् ॥
साप्राज्ञता या न करोति पापं दंभं विना यः क्रियते स धर्मः ॥८॥

જે બ્રાહ્મણોના ભોજનથી બચેલુ છે તેજ ભોજન છે. જે બીજામાં કરવામાં આવે છે તેજ મિત્રતા છે, જે પાપ કરતો નથી તેજ બુદ્ધિમાન છે અને જે દંભ વગર કરવામાં આવે છે તેજ ધર્મ છે ૮

मणिर्लुठति पादाग्रे काचः शिरसि धार्यते ॥
क्रयविक्रयवेलायां काचःकाचोमणिर्मणिः ॥ ९ ॥

મણિ પગ આગળ આથડાય, અને કાચ મસ્તક ઉપર કદાચ પડે, તોપણ ક્રય વિક્રયના સમયે કાચ કાચજ રહે છે અને મણિ મણિજ રહે છે. ૯

अनंतशास्त्रं बहुलाश्च विद्या अल्पश्च कालो बहुविघ्नता च ॥
यत्सारभूतं तदुपासनीयं हंसो यथा क्षीरमिवांबुमध्यात् ॥१०॥

શાસ્ત્ર અનત છે, વિદ્યા પણ ઘણી છે, કાળ થોડો છે, અને વિઘ્ન ઘણાં છે. માટે જે પ્રમાણે હસ જળમાંથી દુધને લઈ લીએ છે, તેમ જે સાર હોય તેને ગ્રહણ કરી લેવો ઉચિત છે. ૧૦

दूरागतं पथि श्रांतं वृथा च गृहमागतम् ॥
अनर्चयित्वा यो भुंक्ते स वै चांडाल उच्यते ॥ ११ ॥

દૂરથી આવેલાને, પંથથી થાકેલાને, વિના કારણે ઘેર આવેલાનું પૂજન કર્યા વગર જે ખાય છે તે ચાંડાળજ ગણાય છે ૧૧

पठंति चतुरो वेदान् धर्मशास्त्राण्यनेकशः ॥
आत्मानं नैव जानंति दर्वी पाकरसं यथा ॥ १२ ॥

ચારે વેદ, અને અનેક ધર્મશાસ્ત્ર ભણે પરતુ જ્યાંસુધી આત્માને જાણ્યો નથી, ત્યાંસુધી જેમ કડછી રસોઇના સ્વાદને જાણતી નથી, તેમ તેપણ કાંઈ જાણતો નથી. ૧૨

धन्या द्विजमयी नौका विपरीता भवार्णवे ॥
तरंत्यधोगताःसर्वे उपरिस्थाःपतंत्यधः ॥ १३ ॥

બ્રાહ્મણરૂપ વાહાણ ધન્ય છે, કારણ કે સંસારરૂપ સમુદ્રમાં તેની ઉલટીજ રીતિ છે, તેની નિચે રહેવાવાળા સર્વ તરે છે અને ઉપર રહેવાવાળા નિચે પડે છે, અર્થાત્ બ્રાહ્મણથી જે નમ્ર રહે છે, તે તરે છે અને જે નમ્ર રહેતો નથી, તે નરકમાં પડે છે. ૧૩

अयममृतनिधानं नायकोऽप्यौषधीना-
ममृतमयशरीरः कांतियुक्तोऽपि चन्द्रः ॥
भवति विगतरश्मिर्मंडलं प्राप्य भानोः
परसदननिविष्टः को लघुत्वं न याति ॥ १४ ॥

અમૃતનુ ઘર, ઔષધીઓનો અધિપતિ, જેનું શરીર અમૃતમય છે એવો શોભાયુક્ત ચન્દ્ર પણ સૂર્યના મંડળમાં જઈને નિસ્તેજ થઈ જાય છે, અર્થાત્ બીજાના ઘરમાં પેસવાથી કોણ લઘુતાને પામતો નથી? ૧૪

अलिरयं नलिनीदलमध्यगः कमलिनीमकरंदमदालसः ॥
विधिवशात्परदेशमुपागतः कुटजपुष्परसं बहु मन्यते ॥१५॥

જ્યારે ભ્રમર કમલિનીના પાનડાના વચ્ચમાં હતો, ત્યારે કમલિનીના પુષ્પના રસથી આળસુ બની રહેલો હતો, હવે દૈવ વશથી પરદેશમાં આવીને કણેરના પુષ્પને ઉત્તમ સમજે છે ૧૫

पीतःक्रुद्धेन तातश्चरणतलहतो वल्लभो येनरोषा
दाबाल्याद्विप्रवर्यैः स्ववदनविवरे धार्यते वैरिणी मे ॥
गेहं मे छेदयन्ति प्रतिदिव समुमाकांतपूजानिमित्तं
तस्मात्खिन्नासदाहंद्विजकुलनिलयं नाथ युक्तं त्यजामि॥१६।

કોઈ સમય વિષ્ણુ ભગવાને શ્રી લક્ષ્મીજીને પુછયું કે,-તમે બ્રાહ્મણોના ઘરમાં કેમ રહેતાં નથી? ત્યારે લક્ષ્મીજીએ કહ્યું કે--જે બ્રાહ્મણે (અગસ્ત્ય) ક્રોધ કરીને મારા-લક્ષ્મીના પિતા-સમુદ્રને પીધો, અને જે ભૃગુએ ક્રોધને લીધે મારા કાંતને પગથી માર્યા, અને વળી શ્રેષ્ઠ બ્રાહ્મણ

બાલ્યાવસ્થાથી માંડીને વૃદ્ધાવસ્થા પર્યંત મુખરૂપી ગુફામાં મારી શત્રુ સરસ્વતીને રાખે છે, અને હમેશાં પાર્વતીપતિ શ્રી સદાશિવજીનાં પૂજન માટે માઇ ઘર કમળ અથવા વેલને કાપે છે, હે નાથ ! એ કારણથી ખેદ પામીને બ્રાહ્મણોના ઘરનો સદા ત્યાગ કરૂછું. ૧૬

बंधनानि खलु संति बहूनि प्रेमरज्जुकृतबंधनमन्यत् ॥
दारुभेदनिपुणोऽपि षडंघ्रिर्निष्क्रियो भवति पंकजकोशे॥१७॥

બંધન તો ઘણા છે, પરતુ પ્રીતિની રસ્સીનું બંધન ન્યારૂંજ છે, કાષ્ટના છેદનમાં કુશળ છતા પણ ભ્રમર કમળના કોશમાં નિર્વ્યાપાર થઈ જાય છે ૧૭

छिन्नोऽपि चंदनतरुर्न जहाति गंधं
वृद्धोऽपि वारणपतिर्न जहाति लीलाम् ॥
यंत्रार्पितो मधुरतां न जहाति चेक्षुः
क्षीणोऽपि नत्यजति शीलगुणान्कुलीनः ॥ १८ ॥

કાપેલુ ચન્દનનુ વૃક્ષ ગન્ધનો ત્યાગ કરતુ નથી. વૃદ્ધ છતાં પણ ગજપતિ વિલાસને છોડતો નથી કોલુમાં નાખેલી શેરડી પણ મધુરતાનો ત્યાગ કરતી નથી, અને દરિદ્ર છતા પણ કુલીન સુશીલતા—આદિ ગુણોનો ત્યાગ કરતો નથી. ૧૮

उर्व्यां कोऽपि महीधरो लघुतरो दोर्भ्यां धृतो लीलया
तेन त्वं दिवि भूतले च सततं गोवर्द्धनोद्धारकः ॥
त्वां त्रैलोक्यधरं वहामि कुचयोरग्रे न तद्गण्यते
किंवा केशव भाषणेन बहुना पुण्यैर्यशो लभ्यते ॥१९॥

રાધાજી શ્રી કૃષ્ણચન્દ્રને કહે છે કે—હે નાથ ! આપે પૃથિવીપર કોઈ અત્યંત હલકા પર્વતને અનાયાસે ભુજાઓના ઉપર ધારણ કરેલ હશે, તેથી આપ સ્વર્ગ અને પૃથિવીતળમાં સર્વદા ગોવર્દ્ધન ધારણ કરવાવાળા કહેવાઓ છો, અને ત્રણે લોકને ધરવાવાળા આપને હું કેવળ કુચોના અગ્ર ભાગમાં

પારકું કરેલું, એ કાંઇપિણ ગણાતું નથી. હે કેશવ ! વિશેષ કહેવાથી શું ? ગુણોથીજ યશ મળે છે. ૧૯

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे पञ्चदशोऽध्यायः ॥ १५ ॥

न ध्यातं पदमीश्वरस्य विधिवत्संसारविच्छित्तये
स्वर्गद्वारकपाटपाटनपटुर्धर्मोऽपि नोपार्जितः ॥
नारीपीनपयोधरोरुयुगुलं स्वप्नेऽपि नालिंगितं
मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् ॥ १ ॥

સંસારમાં મુક્ત થવાને માટે વિધિપૂર્વક ઇશ્વરનાં ચરણનુ ધ્યાન મારાથી ન થયું. સ્વર્ગ દ્વારનાં બારણા ઉઘાડવામા સમર્થ ધર્મનુ અર્ચન પણ મેં ન કરયું અને સ્ત્રીનાં બે પીન--કઠોર સ્તન અને જંઘાનુ આલિંગન સ્વપ્નમાં પણ ન કરયું, હું તો કેવળ માતાના યુવાનિરૂપ વૃક્ષને કાપવામા કુહાડોજ થયો. ૧

जल्पंतिसार्द्धमन्येन पश्यंत्यन्यंसविभ्रमाः ॥
हृदयेचिंतयंत्यन्यं नस्त्रीणामेकतोरातिः ॥ २ ॥

એક સાથે ભાષણ કરે છે, બીજાને વિલાસથી જુવે છે, અને હૃદયમાં વળી ત્રીજાનું ચિંતવન કરે છે. સ્ત્રીઓને એકમાં પ્રીતી રહેતીજ નથી. ૨

योमोहान्मन्यते मूढो रक्तेयं मयि कामिनी ॥
सतस्यावशगोभूत्वा नृत्येत्क्रीडाशकुंतवत् ॥ ३ ॥

જે મૂર્ખ અવિવેકથી સમજે છે કે આ સ્ત્રી મારા ઉપર પ્રેમ રાખે છે, તે પુરૂષ તે સ્ત્રીના વશ્ય થઇને રમતના પક્ષીના સમાન નાચ્યા કરે છે. ૩

कोऽर्थान्प्राप्य न गर्वितो विषयिणः कस्यापदोऽस्तं गताः
स्त्रीभिःकस्य न खंडितं भुवि मनःको नाम राजप्रियः ॥
कः कालस्य न गोचरत्वमगमत्कोऽर्थी गतो गौरवं
को वा दुर्जनदुर्गुणेषु पतितःक्षेमेण यातः पथि ॥ ४ ॥

ધન ધામ થયા છતાં કાને ગર્વ ન થયો ? કયા વિષયીની વિપત્તિ નાશ પામી ? પૃથ્વીમાં કાના મનને સ્ત્રીઓએ ખંડીત નથી કર્યું ? રાજાને પ્રિય કાણુ છે ? કાળને વશ્ય કાણુ નથી થયો ? કયા માગણને મોટાઇ મળી ? દુષ્ટની દુષ્ટતામાં ફસાઇ સંસારમાંથી કુશળતા પૂર્વક કાણુ ગયો ? અર્થાત્ કોઇ પણ નહિ. ૪

न निर्मितः केन न दृष्टपूर्वो न श्रूयते हेममयः कुरंगः ॥
तथापि तृष्णारघुनंदनस्य विनाशकाले विपरीतबुद्धिः ॥५॥

સુવર્ણનું મૃગ પૂર્વે કોઇએ રચ્યું નથી અને કોઇએ જોયું પણ નથી, અને તેમજ કોઇએ સાંભળ્યું પણ નથી, છતાં પણ શ્રી રામચન્દ્રજીની તૃષ્ણા તેના પર ગઇ, વિનાશ વખતે બુદ્ધિ વિપરિત થઇ જાય છે. ૫

गुणैरुत्तमतां यांति नोच्चैरासनसंस्थिताः ॥
प्रासादशिखरस्थोऽपि काकःकिंगरुडायते ॥ ६ ॥

ગુણવડે પ્રાણી ઉત્તમતા પામે છે, પણ ઊંચા આસન ઉપર બેસવાથી ઉત્તમતા પામતો નથી. કોઠાના ઉપરના ભાગમાં બેઠેલો કાગડો શું ગરૂડ થઈ જાશે ? અર્થાત્ નહિ. ૬

गुणाःसर्वत्रपूज्यंते न महत्योऽपि संपदः ॥
पूर्णेन्दुःकिंतथावंद्योनिष्कलंको यथाकृशः ॥ ७ ॥

સર્વત્ર ગુણનુજ પુજન થાય છે. પણ સંપત્તિનુ પૂજન થતું નથી. જેમ વગર કલકનો દ્વિતિયાનો દુર્બળ ચન્દ્ર વદિત થાય છે, તેમ પૂર્ણીમાનો પૂર્ણ ચન્દ્ર વંદિત થતો નથી. ૭

परस्तुतगुणो यस्तु निर्गुणोऽपि गुणी भवेत् ॥
इंद्रोऽपि लघुतां याति स्वयंप्रख्यापितैर्गुणैः ॥ ८ ॥

જેના ગુણાનુવાદ બીજા માણસો ગાય છે. તે નિર્ગુણ હોય તો પણ ગુણવાન્ છે. ઇન્દ્ર પણ જો પોતાના ગુણોની પોતેજ પ્રશંસા કરે, તો તે લઘુતાને પામે છે. ૮

विवेकिनमनुप्राप्ता गुणा यांति मनोज्ञताम् ॥
सुतरांरत्नमाभाति चामीकरनियोजितम् ॥ ९ ॥

विवेकीने पामीने गुण सुंदरता पामे छे. ज्यारे रत्न सुवर्णमां जडाय छे, त्यारे अत्यंत सुंदर देखाय छे. ९

गुणैः सर्वज्ञतुल्योऽपि सीदत्येकोनिराश्रयः ॥
अनर्घ्यमपि माणिक्यं हेमाश्रयमपेक्षते ॥ १० ॥

गुणोथी ईश्वरना समान पण एकलो पुरुष दुःख पामे छे. अमुल्य माणेक पण सुवर्णमां जडावानी आकांक्षा राखे छे. १०

अतिक्लेशेन ये अर्था धर्मस्यातिक्रमेण तु ॥
शत्रूणां प्रणिपातेन ते अर्थामाभवंतु मे ॥ ११ ॥

अत्यंत पीडाथी, धर्मना त्यागथी, अने शत्रुना प्रणिपातथी जे द्रव्य मळे छे, ते द्रव्यनी मने इच्छा नथी ११

किं तया क्रियते लक्ष्म्या या वधूरिव केवला ॥
या तु वेश्येव सामान्या पथिकैरपि भुज्यते ॥ १२ ॥

ते संपत्तिथी लोक शुं करी शके छे ? के जे कुळवधुना समान असाधारण छे. जे वेश्याना समान सर्व साधारण होय, तो ते वटेमार्गुना भोगमां आवी शके छे. १२

धनेषु जीवितव्ये च स्त्रीषु चाहारकर्मसु ॥
अतृप्ताःप्राणिनः सर्वेयातायास्यंतियांति च ॥ १३ ॥

धनमां, जीवनमां, स्त्रियोमां अने भोजनमां अतृप्त थईने सर्व प्राणी गयां, जशे अने जाय छे. १३

क्षीयंते सर्वदानानि यज्ञहोमबलिक्रियाः ॥
न क्षीयते पात्रदानमभयं सर्वदेहिनाम् ॥ १४ ॥

सघळां दान, यज्ञ, होम अने बलि ए सर्व नष्ट थई जाय छे, सत्पात्रने दान अने सर्व प्राणीने अभयदान, ए दान क्षीण थतां नथी. १४

तृणं लघु तृणात्तुलं तूलादपि च याचकः ॥
वायुनाकिंननीतोऽसौ मामयं याचयिष्यति ॥ १५ ॥

तृण सर्वथी लघु छे. तृणथी रु हलकुं छे. रुथी पण हलको याचक छे. तो वायु तेने केम उडाडीने लई जतो नथी ? तो कहे छे के वायुने डर

લાગે છે કે એ મારી પાસે પણ માગશે. જે ડરથી વાયુ યાચકને ઉપાડી જતો નથી, અર્થાત્ યાચક ઘણો હલકો છે. ૧૫

वरं प्राणपरित्यागो मानभंगेन जीवनात् ॥
प्राणत्यागे क्षणं दुःखं मानभंगो दिनेदिने ॥ १६ ॥

માનભંગથી જીવવા કરતાં મરણ ઉત્તમ છે. પ્રાણ ત્યાગ વેળાએ ક્ષણવાર દુઃખ થાય છે; પરંતુ માન નાશ થતાં દીવસો દીવસ દુઃખજ થાય છે. ૧૬

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यंति जन्तवः ॥
तस्मात्तदेववक्तव्यं वचने किं दरिद्रता ॥ १७ ॥

મધુર વચન બોલવાથી સર્વ જીવ સંતોષ પામે છે, એ માટે મધુર બોલનારનું બોલવુંજ યોગ્ય છે વચનમાં શા માટે દરિદ્ર થવું જોઈએ? ૧૭

संसारकटुवृक्षस्य द्वे फले अमृतोपमे ॥
सुभाषितं च सुस्वादं संगतिः सुजने जने ॥ १८ ॥

સંસાર રૂપ કડવા વૃક્ષના અમૃત સમાન બેજ ફળ છે એકતો રસીક પ્રિય વચન અને બીજું સજ્જનની સોબત ૧૮

बहुजन्मसु चाभ्यस्तं दानमध्ययनं तपः ॥
तेनैवाभ्यासयोगेन देहमभ्यस्यते पुनः ॥ १९ ॥

જે જન્મો જન્મ દાન, ભણવું અને તપ એનો અભ્યાસ કરે છે તે અભ્યાસના યોગથી પુન. પુનઃ જન્મ થતાં તે તેજ અભ્યાસ કર્યા કરે છે. ૧૯

पुस्तकेषु च या विद्या परहस्तेषु यद्धनम् ॥
उत्पन्नेषुचकार्येषु नसाविद्यानचद्धनम् ॥ २० ॥

જે વિદ્યા પુસ્તકો પરજ રહે છે, બીજાના હાથમાં જે ધન રહે છે; તે કામ પડતાં તે ધન કે વિદ્યા કામ આવતાં નથી. ૨૦

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे षोडशोऽध्यायः ॥ १६ ॥

पुस्तकप्रत्ययाधीतं नाधीतं गुरुसन्निधौ ॥
सभामध्येनशोभंते जारगर्भाइवस्त्रियः ॥ १ ॥

જે કેવળ પુસ્તક ઉપરથી વાંચી વાંચીનેજ ભણેલો છે, અને ગુરૂ પાસે શિક્ષણ લેવા ગયો નથી, તે સભાના મધ્યમાં વ્યભીચારથી ગર્ભવાળી સ્ત્રીના સમાન શોભતો નથી ૧

कृते प्रतिकृतिं कुर्याद्धिंसने प्रतिहिंसनम् ॥
तत्र दोषो न पतति दुष्टे दुष्टं समाचरेत् ॥ २ ॥

ઉપકાર કરવાપર પ્રત્યુપકાર કરવો જોઇએ, અને માર મારનારને મારવો એમા અપરાધ નથી; કારણ કે દુષ્ટતા કરે, તે સાથે દુષ્ટતાનાં આચરણ કરવા ઉચિત છે. ૨

यद्दूरं यद्दुराध्यं यच्च दूरे व्यवस्थितम् ॥
तत्सर्वंतपसासाध्यं तपोहिदुरतिक्रमम ॥ ३ ॥

જે દૂર છે, જેની આરાધના થઇ શકતી નથી, અને જે દૂર વર્તમાન છે તે સર્વ તપથી સિદ્ધ થઇ શકે છે, માટે સર્વેથી પ્રબળ તપ છે. ૩

लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किंपातकैः
सत्यं चेत्तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किम् ॥
सौजन्यं यदि किं गुणैः सुमहिमा यद्यस्ति किंमंडनैः
सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ॥ ४ ॥

જો લોભજ છે તે બીજા દોષથી શુ ? જો ચાડી કરવાની ટેવ છે, તો અન્ય પાપોથી શુ ? જો સત્યતા છે તો તપથી શુ ? જો મન સ્વચ્છ છે, તો તીર્થેથી શુ ? જો સજ્જનતા છે તો અન્ય ગુણોથી શુ ? જો મહિમા છે, તો ભૂષણોથી શું ? જો ઉત્તમ વિદ્યા છે તો ધનથી શુ ? અને જો અપયશ છે તો મરણથી શુ ? ૪

पितारत्नाकरोयस्य लक्ष्मीर्यस्यसहोदरी ॥
शंखोभिक्षाटनंकुर्यान्नादत्तमुपतिष्ठते ॥ ५ ॥

જેના પિતા રત્નોની ખાણ સમુદ્ર છે અને લક્ષ્મી જેની બેન છે, એવો શંખ ભીખ માગે છે, ખરૂં છે કે વગર આપે મળતુંજ નથી. ૫

अशक्तस्तु भवेत्साधुर्ब्रह्मचारी च निर्धनः ॥
व्याधिष्ठोदेवभक्तश्च वृद्धा नारी पतिव्रता ॥ ६ ॥

શક્તિ વગરનો સાધુ થાય છે, નિર્ધન બ્રહ્મચારી, અને રોગગ્રસ્ત દેવતાનો ભક્ત થાય છે તથા વૃદ્ધ સ્ત્રી પતિવ્રતા થાય છે. ૬

नान्नोदकसमं दानं न तिथिर्द्वादशी समा ॥
न गायत्र्याः परो मंत्रो न मातुर्दैवतं परम् ॥ ७ ॥

અન્ન જળના સમાન એક પણ દાન નથી, દ્વાદશી સમાન તિથિ નથી, ગાયત્રીથી ઉત્તમ કોઈપણ મંત્ર નથી અને માતાથી વધારે દેવતા કોઈ પણ નથી. ૭

तक्षकस्य विषं दंते मक्षिकाया विषं शिरे ॥
वृश्चिकस्य विषं पुच्छे सर्वांगे दुर्जने विषम् ॥ ८ ॥

સાપના દાંતમાં ઝેર રહે છે, માખીના શિરમાં વિષમાં રહે છે, વીંછીના પુંછડીમાં ઝેર છે અને દુર્જનના સર્વે અંગોમાં વિષ ભરેલું છે ૮

पत्युराज्ञां विना नारी उपोष्य व्रतचारिणी ॥
आयुष्यं हरते भर्तुः सा नारी नरकं व्रजेत् ॥ ९ ॥

પતિની આજ્ઞા વગર ઉપવાસ, વ્રત–આદિ કરવાવાળી સ્ત્રી સ્વામીના આયુષ્યનું હરણ કરે છે અને તે સ્ત્રી પોતે નરકમાં જાય છે ૯

न स्नानैः शुध्यते नारी उपवासशतैरपि ॥
न तीर्थसेवया तद्वद्भर्तुः पादोदकैर्यथा ॥ १० ॥

જેવી પતિના ચરણોદકથી સ્ત્રી શુદ્ધ થાય છે તેવી શુદ્ધ, દાનથી, સેંકડો ઉપવાસથી કે તીર્થના સેવનથી શુદ્ધ થતી નથી ૧૦

पादशेषं पीतशेषं संध्याशेषं तथैव च ॥
श्वानमूत्रसमं तोयं पीत्वा चांद्रायणं चरेत् ॥ ११ ॥

પગ ધોવાથી જે શેષ જળ રહી જાય છે, પીવાથી જે બચે છે, અને સંધ્યા કરતાં જે અવશિષ્ટ જળ પડ્યું રહે છે, તે કૂતરાના મૂત્ર સમાન છે, તે જો પીવામાં આવે તો ચાંદ્રાયણ વ્રત કરવું જોઈએ ૧૧

दानेन पाणिर्नतु कंकणेन स्नानेन शुद्धिर्न तु चंदनेन ॥
मानेन तृप्तिर्नतु भोजनेन ज्ञानेन मुक्तिर्नतु मंडनेन ॥ १२ ॥

દાનથી હાથ શોભે છે, પરંતુ કંકણથી શોભતો નથી સ્નાનથી શરીર શુદ્ધ થાય છે પણ ચન્દનથી શુદ્ધ થતું નથી તૃપ્તિ ભોજનથી નહિ, પણ સન્માનથી થાય છે. અને મુક્તિ છાપા તિલક–આદિથી થતી, નથી પરંતુ જ્ઞાનથી મુક્તિ થાય છે ૧૨

नापितस्य गृहे क्षौरं पाषाणे गंधलेपनात् ॥
आत्मरूपंजलेपश्यन्शक्रस्यापिश्रियंहरेत् ॥ १३ ॥

વાળંદ-ગાંયજા-હજામને ઘેર હજામત કરાવનારા, પત્થરના ઓરીસા ઉપરથી લઇને ચન્દન કરનારા અને પોતાના રૂપને પાણીમાં જોનાર જો ઇન્દ્ર હોય; તોપણ તેની લક્ષ્મીને તે હરી લે છે ૧૩

सद्यः प्रज्ञाहरा तुंडी सद्यः प्रज्ञाकरी वचा ॥
सद्यः शक्तिहरा नारी सद्यः शक्तिकरं पयः ॥ १४ ॥

તુંડી ત્વરાથી બુદ્ધિને હરિ લેછે, વચ સદ્યબુદ્ધિને આપે છે સ્ત્રી તુરત શક્તિ હરિ લેછે અને દૂધ તુરતજ બળ આપે છે. ૧૪

यदि रामा यदि च रमा यदि तनयो विनय नयगुणोपेतः ॥
तनये तनयोत्पत्तिः सुरवरनगरे किमाधिक्यम् ॥ १५ ॥

કાંતા છે, લક્ષ્મી વર્તમાન છે, પુત્ર સુશીલતા-આદિ ગુણથી યુક્ત છે, અને પુત્રને ત્યાં પુત્રની ઉત્પતિ છે, તો પછી દેવલોકમાં એથી વિશેષતા શું છે? અર્થાત્ કાંઇ નહિ ૧૫

परोपकरणं येषां जागर्ति हृदये सताम् ॥
नश्यंति विपदस्तेषां संपदः स्युः पदेपदे ॥ १६ ॥

જે સજ્જનોના હૃદય મંદિરમાં પરોપકાર જાગૃત છે, તેની વિપત્તિ નાશ પામે છે, અને તેને પગલે પગલે સંપત્તિની પ્રાપ્તિ થાય છે. ૧૬

आहारनिद्राभयमैथुनानि समानि चैतानि नृणां पशूनाम् ॥
ज्ञानं नराणामधिको विशेषो ज्ञानेन हीनाःपशुभिःसमानाः॥१७॥

ભોજન, નિદ્રા, ભય અને મૈથુન એ મનુષ્ય અને પશુઓને સમાન છે મનુષ્યોને કેવળ જ્ઞાન વધારે છે, જ્ઞાન વગરનો નર પશુ સદ્દશ છે. ૧૭

दानार्थिनो मधुकरा यदि कर्णतालैर्दूरीकृताःकरिवरेण मदान्धबुद्ध्या॥
तस्यैव गण्डयुगमण्डनहानिरेषा भृंगाःपुनर्विकचपद्मवने वसंति ।१८।

જો મદાન્ધ ગજરાજે ગજમદના લાલચુ ભમરોને મદાંધતાથી કર્ણથી દૂર કર્યા, તો તેથી તેનાં એ ગંડસ્થળની શોભાની હાનિ થઇ; ભમરા વિકસ્વર કમળ વનમાં વસે છે, કહેવાનો હેતુ એ છે કે- જો કોઇ નિર્ગુણ મદાંધ રાજા કે દ્રવ્યવાન્ પામે ગુણવાન્ કદાચ જઇ ચડે, તો તે સમય

મદાન્ધો ગુણવાનનો આદર લક્ષ્મીની હાનિ થવાના ભયને લીધે કરતા નથી, તો તેથી મદાન્ધની શોભા ઘટે છે કાળ નિરવધિ છે, અને પૃથિવી અનંત છે જેથી ગુણવાનનો સત્કાર તો કોઇપણ સ્થળે કોઇ સમયે પણ જરૂર થશેજ.૧૮

राजा वेश्यायमश्चाग्निस्तस्करोबालयाचकौ ॥

परदुःखंनजानंति अष्टमे ग्रामकंटकः ॥ १९ ॥

રાજા, વેશ્યા, યમ, અગ્નિ, ચોર, બાળક, યાચક અને આઠમો ગ્રામ-કંટક અર્થાત્ ગામના રહેનારાઓને પીડા કરીને પોતાનું ગુજરાન ચલાવનારો એટલા અન્યના દુઃખને જાણતાજ નથી ૧૯

अधः पश्यसि किं बाले पतितं तव किं भुवि ॥

रेरेमूर्ख न जानामि गतं तारुण्यमौक्तिकम् ॥ २० ॥

હે બાળા! તું નિચે શું જુવે છે? પૃથિવી ઉપર તારૂં શું પડી ગયું છે? ત્યારે સ્ત્રી બોલી કે અરે મૂર્ખ!! તું જાણતો નથી કે, મારૂં તારૂણ્ય રૂપી મોતી ચાલ્યું ગયું છે ૨૦

व्यालाश्रयापि विफलापि सकंटकापि वक्रापि पंकिलभवापि दुरासदापि

गन्धेन बन्धुरसि केतकि सर्वजंतो रेकोगुणःखलु निहंति समस्तदोषान् २१

હે કેતકી! જો કે તું સાપનું સ્થાન છો અને વળી વિરૂપ છો, તારામાં કાંટા પણ છે, વક્ર પણ છો, કાદવમાં તારી ઉત્પત્તિ છે, અને દુઃખથી પામ થાય છે, છતાં પણ એક ગંધ ગુણથી પ્રાણી માત્રની બન્ધુ થઇને રહેલી છો, અવશ્ય એક પણ ગુણ દોષોનો નાશ કરી નાખે છે. ૨૧

इति श्री वृद्धचाणाक्ये व्यास कल्याणजी कृत गुर्जर भाषांतरे सप्तदशोऽध्यायः ॥ १७ ॥

समाप्त.

महादेव रामचंद्र जागुष्टे बुकसेलर,

त्रणदरवाजे,—अमदावाद.

વ્યવહારિક-ભાષામાં કૃ સારો ઉપ— ... —૬—૦

જસુરામકૃત-રાજનીતિ મૂળ સહિત ગુજરાતી ભાષાન્તર કે જે દેવનાગરી ભાષામાં પદ્ય બંધ હોવાથી તેને ગુજરાતી જાણનારાઓ માટે ઘણું ઉપયોગી જાણીને ગાથાના રૂપમાં નીતિનું ઘણુંજ સારું બયાન કરવામાં આવ્યું છે રૂ ૦-

સ્વાધ્યાય—આય વિદ્યાભ્યાસ અને પરીક્ષા આ પુસ્તકમાં ચારે વેદની સંહિતાઓ અર્થાત ૧૬ સંસ્કાર અને અમુક શાખાવાળાઓએ અમુક અમુક નીયમમાં રહેવું વગેરે વગેરેનો ખુલાસો આર્યાવર્ત અને હિંદુસ્થાનમાં ચાલતા મતમતાંતરોનું ખીન સપ્રમાણ કરેલું છે. ૧—૦—૦

કિંમત ૩ આ. પૈ.

અર્વાચિન આર્યો અને તેમના આચાર વિચાર	૦—૬—૦
અમૃત વચનો.	૦—૮—૦
નીતિ દર્પણ.	[illegible]
નીતિ સિદ્ધાંત.	૧—૦—૦
મોહસીનીના નીતિવચનો...	૧—૦—૦
નીતિ મંદિર.	૦—૧૨—૦
પરોપકાર	૦—૬—૦
યુવાવસ્થાનો શિક્ષક	૧—૪—૦
ભક્તમાલ પ્રસંગ—[ગો. પે. મહેતા]	૧—૮—૦
સદ્‌વર્તન	૧—૮—૦
કર્તવ્ય	૦—૦—૦
દેહ વિષે નિબંધ	૦—૨—૦
વલ્લભનીતિ—[વલ્લભકૃત]	૦—૬—૦

ઉપર લખેલાં પુસ્તકો ઉપરાંત સંસ્કૃત, ગુજરાતી અને હિંદુસ્થાની વગેરે વૈદિક, વેદાંત, પુરાણ, ધર્મશાસ્ત્ર, ન્યાય, વૈદ, જ્યોતિષ, વૈદક, વૈષ્ણવધર્મ, જૈનધર્મ વાર્તા, નાટક, મુસલમાની કીસ્સા, શિવાય નાના પ્રકારનાં પુસ્તકો શાળોપયોગી વગેરે વગેરે પુસ્તકોનો નવો **ક્યાટલાગ "સૂચીપત્ર"** અધા આનાની પોસ્ટની ટીકીટ મોકલવાથી મોકલવામાં આવશે. મળવાનું ઠેકાણું,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર.

ત્રણદરવાજે—અમદાવાદ.